Vol No. 65 - Issue No. 6
Price Rs. 1/-
September - 2021

R.N.I.No. : 11555 / 1966
Total - 40 Pages

# જ્યોતિપુંજ

## JYOTI PUNJ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી**
**નવરાત્રીની હાર્દિક શુભેચ્છા**



legrand

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

# MATCHWELL ELECTRIC COMPANY

## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand BCH LUKER (J.V. LUKER - USA) steelgrip

Pidilite WD-40 M-seal KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૫ | ૬ | ૨૧-૦૯-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
**ટે.**(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD


**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# સામાન્ય માનવીને સમૃધ્ધ કરતી



## પ્રાકૃતિક કૃષિ



**તંત્રી સ્થાનેથી**

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પ્રાકૃતિક કૃષિના પ્રણેતા એટલે કૃષિ વૈજ્ઞાનિક પદ્મશ્રી ડૉ. સુભાષ પાલેકરજી. આચાર્ય દેવવ્રતનો પૃથ્વી પરના સર્વ જીવાત્મા માટેનો સર્વ સુંદર મંત્ર એટલે....

આ પૃથ્વી મહાસાગરો, નદીઓ, ઝરણાં અને તળાવોના પાણીથી સુશોભિત છે. આ પૃથ્વી પર કૃષિ (ખેતી) થાય છે. જેમાંથી ખોરાક ઉત્પન્ન થાય છે. તે અનાજમાંથી જીવ ધરાવતાં સંસારના કરોડો જીવ-જંતુઓ અને પ્રાણીઓ તૃપ્તિ પામે છે, તેવી ઉત્પાદક જમીન આપણને તમામ પ્રકારના ખાદ્ય અને પીવા લાયક પદાર્થોથી સુસજ્જ કરે.

કૃષિ એ ભારત દેશમાં પ્રાચીન યુગથી ઋષિઓની પરંપરા રહી છે. પ્રકૃતિએ ધરતી પર કૃષિના રૂપમાં માનવજાત પર સૌથી મોટા આશીર્વાદ આપ્યા છે. અનાદિકાળથી કુદરતના ખોળે કુદરતી સંસાધનોથી ખેતી કરતો આપણો દેશ વચમાં થોડા સમય માટે કૃત્રિમ રાસાયણિક ખાતર, રાસાયણિક દવાઓ તરફ વળી ગયો હતો.

કોરોના વાયરસના પ્રકોપ સામે રોગપ્રતિકારક શક્તિનું મહત્વ સમજાયું છે, ત્યારે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ વિનાના ખોરાકનું મહત્વ વધ્યું છે. મનુષ્ય સ્વાસ્થ્યની સુરક્ષા માટે કૃષિ ક્ષેત્રે ફરી કુદરતના ખોળે જવાની જરૂરિયાત ઉભી થઈ છે અને સમયગાળામાં આ માટેનો સહુથી ઉત્તમ વિકલ્પ છે પ્રાકૃતિક ખેતી.

જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન, વાફસા,


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rathi Wolf
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

દશપર્ણી અર્ક વગેરેના સંયોજનથી કૃષિને ફરી જીવંત કરી શકાય છે અને આચાર્યશ્રી દેવવ્રતે વર્ષો સુધી કુરૂક્ષેત્ર ખાતેના ગુરુકુળમાં આના પર પ્રયોગો કર્યા છે અને સફળતા હાંસલ કરી છે. આચાર્યશ્રી દેવવ્રતે ગુરુકુળ ખાતેના તેઓશ્રીના અનુભવો, સમયના તારણોને આધારે પ્રાકૃતિક કૃષિ અંગે સુંદર મજાનું પુસ્તક તૈયાર કર્યું છે 'પ્રાકૃતિક કૃષિ'. રાજ્યના લાખો ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ થકી. રાજ્ય અને દેશના કૃષિ વિકાસમાં યોગદાન માટે આ પુસ્તક ચોક્કસ ઉપયોગી થશે.

આ એક કાર્ય દ્વારા ૬ વસ્તુઓ સાબિત થશે.

(૧) આ કૃષિ એટલી સરળ છે કે તેનાથી જમીનની ફળદ્રુપતા ટકાવી શકાશે. (૨) પાણીનો વપરાશ ૭૦ ટકા ઘટશે. (૩) આનાથી ગૌમાતા બચશે. (૪) ખેડૂત દેવાદાર બનવાથી બચશે. (૫) આ ખેતી પર્યાવરણને બચાવશે. (૬) આ કૃષિને કારણે રોગથી મરતાં લોકો બચી જશે.

ડૉ. સુભાષ પાલેકરજીના અથાગ પ્રયત્નોને લીધે લાખો ખેડૂતો આ પ્રાકૃતિક કૃષિને અપનાવીને પોતાની અને માનવતાની મોટી સેવા કરી રહ્યા છે. તો આવો આપણે પણ સમજીએ આ પ્રાકૃતિક ખેતીનું રહસ્ય.

ખેડૂત મિત્રો તથા સર્વે, કોઈ પણ પાક હોય કે બાગાયતી પાક હોય તેનો ખેતી ખર્ચ ઘટશે.

મુખ્ય પાકનો ખેતી ખર્ચ આંતરપાક કે મિશ્ર પાકના ઉત્પાદનમાંથી મેળવી લેવો અને મુખ્ય પાક બોનસના રૂપમાં લેવાને જ પ્રાકૃતિક કૃષિ કહેવાય છે.

પાકને વધારવા માટે અને ઉત્પાદન લેવા માટે જે જે સંસાધનોની જરૂર હોય છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ કરાવવા. કોઈપણ સંજોગોમાં બજારમાંથી ખરીદીને ન લાવવા અને કૃષિને નુકસાન પહોંચાડે તેવા કોઈ પણ સંસાધનો ઘરમાં કે ગામમાં ન બનાવવા એ જ પ્રાકૃતિક કૃષિ છે. પ્રાકૃતિક કૃષિનું સૂત્ર છે, **'ગામના પૈસા ગામમાં અને શહેરના પૈસા ગામમાં'**. આ રીતે આપણા દેશમાં વિદેશથી પૈસા લાવવા એ પ્રાકૃતિક કૃષિ છે.

**આપણી જમીન અન્નપૂર્ણા છે :** પાકને વિકસાવવા માટે જે સંશાધન જોઈએ છે તે એમનાં મૂળ પાસેની જમીન અને પાન પાસેના વાતાવરણમાં જ પૂરતાં પ્રમાણમાં હોય છે, ઉપરથી કંઈપણ આપવાની જરૂર નથી. આપણાં પાક જમીનમાંથી ૧.૫ થી ૨.૦ ટકા તત્વ લે છે. બાકીના ૯૮ ટકાથી ૯૮.૫ ટકા હવા, સૂર્યપ્રકાશ અને પાણીમાંથી લે છે. જ્યારે હવા-પાણીથી જ પાકનું ૯૮ ટકા શરીર બને છે. તો ઉપરથી કોઈ સંસાધન નાખવાની જરૂરિયાત ક્યાં પેદા થાય છે. ?

કોઈપણ લીલું પાન (છોડ અથવા વૃક્ષનું) દિવસ દરમ્યાન પ્રકાશ સંશ્લેષણ ક્રિયાથી ખોરાક બનાવે છે. આ પાન ખાતર બનાવવાનું કારખાનું છે. (૧) તે હવામાંથી કાર્બન ડાયોકસાઈડ તથા નાઈટ્રોજન લે છે. (૨) તે જમીનમાંથી મૂળ દ્વારા ચોમાસુ વરસાદી પાણી અથવા કૂવા કે તળાવમાંથી આપવામાં આવેલ પાણી લે છે. (૩) સૂર્યનો પ્રકાશ લે છે. (Per sq. ft.per day - 12.5 kg. calory)

ખોરાક બનાવવા માટે જરૂર મુજબ હવા, પાણી અને સૂર્ય ઊર્જા પ્રકૃતિમાંથી લે છે, જે બિલકુલ મફત છે. કોઈપણ પાક કે વૃક્ષનું લીલું પાન દિવસના ૧૦ કલાકના તડકા દરમ્યાન પ્રતિ વર્ગ ફૂટ વિસ્તારના હિસાબે ૪.૫ ગ્રામ ખોરાક તૈયાર કરી લે છે. બાકી વધેલ ૧.૫ – ૨.૦ ટકા ખનીજ ક્ષાર જે મૂળ જમીનમાંથી લે છે. જમીન અન્નપૂર્ણા છે અને વનસ્પતિ તેમાંથી મફત મેળવે છે.

પ્રયોગશાળામાં જંગલના કોઈપણ ઝાડ-છોડના પાન પર પૃથ્થકરણ કરતાં સાબિત થયું છે કે તેમાં કોઈ ખાદ્ય તત્ત્વોની ઉણપ નથી. જે જમીનમાંથી જ મેળવ્યું છે.

## SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

## Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse Time Delay Fuse Midget Fast-Acting Fuse UltraSafe™FuseHolder



Protistor fuse (all sizes) BS Semiconductor fuse Semiconductor SPDs

D-Link®

Building Networks for People



આનું તાત્પર્ય એ છે કે જમીનમાં બધા જ તત્ત્વો હાજર છે. ઉપરથી કંઈ પણ નાખવાની જરૂર નથી. જંગલમાં રસાયણિક ખાતર, દવાઓનો ઉપયોગ વગર પણ ફળોથી લચી પડતા આંબા, બોરડી, જાંબુ, આમલી વગેરેના વિશાળ વૃક્ષો જોવા મળશે. દુકાળમાં પણ અગણિત ફળ લાગે છે. જંગલમાં ખેતી ક્યાં થાય છે ? તેમ છતાં દર વર્ષે અગણિત ફળો કેવી રીતે લાગે છે ? જંગલમાં માનવીય પિયત ક્યાં છે ?

૧૯૨૪માં તેલની શોધ કરવા વોશીંગ્ટનના બે ભૂગર્ભ વૈજ્ઞાનિકો ભારત આવ્યા અને તેમણે જમીનમાં ૧૦૦૦ ફૂટ સુધી બોર કરી. દર ૬ ઈંચ જમીનની માટી પ્રયોગશાળામાં મોકલીને ચકાસણી કરાવી. જેમ ઊંડાઈમાં ગયા તો જમીન બધા ખનીજોથી પરિપૂર્ણ મળી. જમીનમાં કોઈ ઉણપ નથી. એમાં ઉપરથી ઉમેરવાની કોઈ જરૂરિયાત નથી.

**જમીન (માટી) ચકાસણી :** જમીન ચકાસણીથી એ અનેકવાર જોવામાં આવ્યું છે કે જમીનમાં પોષક તત્વોની ઉણપ નથી હોતી છતાંય સારું ઉત્પાદન નથી મળતું. એવું જમીનના ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ખામીને કારણે થતું હોય છે. આવી જમીનમાં છોડને યોગ્ય પ્રમાણમાં ભેજ અને પોષક તત્ત્વ ઉપલબ્ધ નથી થઈ શકતાં અને વરાપ તથા હ્યુમસનું નિર્માણ નથી થઈ શકતું. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્વો ઉપલબ્ધ થવા છતાં પણ સારું ઉત્પાદન લઈ શકાય છે. પ્રાકૃતિક કૃષિમાં આ ગુણ આપ મેળે જ જમીનમાં ઉપલબ્ધ થઈ જાય છે.

જમીન ચકાસણીમાં એ પણ જોવામાં આવ્યું છે કે ઘણાં પોષક તત્ત્વો જમીનના નીચેના સ્તરોમાં જમા થઈ જાય છે. નીચેની જમીનમાંથી ઉપરની જમીનના સ્તર પર પોષક તત્ત્વ લાવવાનું કાર્ય પાનખરમાં ખરેલ જૈવિક પદાર્થના વિઘટક કેશાકર્ષણ શક્તિ દ્વારા અને આપણાં દેશી અળસિયા (ખેડૂતના મિત્ર) કરે છે. એ તેમને ખેંચીને ઉપર લઈ આવીને પોતાના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરવાનું મહાન કાર્ય કરે છે. વૈજ્ઞાનિક સાબિતી અનુસાર આવું કાર્ય વિદેશી અળસિયા કરી શકતાં નથી. દરેક રીતે તેની ક્ષમતા ઓછી પુરવાર થઈ છે. જો તમને જમીન પર પડેલ દેશી ગાયનું છાણ ઉઠાવશો તો તમે જોશો કે એ છાણની નીચે જમીનમાં બે-ચાર છિદ્રો છે. આ છિદ્રો આપણાં દેશી અળસિયા કરે છે. એનો મતલબ છે કે દેશી ગાયના છાણમાં અળસિયાઓને ઉપર ખેંચી લાવવાની અદ્ભૂત તાકાત છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી ખોરાક બનાવનાર જીવાણુઓ હોય છે.

એક એકર જમીન માટે કેટલું છાણ જોઈએ ? એક મહિનાની અંદર ઓછામાં ઓછું એક વખત પ્રતિ

**Yoga By Bankim Parikh**

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- **Pranayam**
- **Aasanas**
- **Power Yoga**
- **Surya Namaskar**
- **Stretching**
- **Other Kriyas**
- **Meditation**
- **Relaxation & Shavasan**
- **Knowledge Sharing**



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

★ Diabetes Patients
★ Cancer Patients
★ Heart Patients
★ Senior Citizen
★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

એકરમાં ૧૦ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ ઉપયોગમાં લેવું જરૂરી છે. એક દેશી ગાય એક દિવસમાં ૧૧ કિ.ગ્રા. છાણ, એક દેશી બળદ એક દિવસમાં ૧૩ કિ.ગ્રા છાણ અને એક ભેંસ એક દિવસમાં ૧૫ કિ.ગ્રા. છાણ આપે છે. એક ગાયનુ એક દિવસનું છાણ એક એકર જમીન માટે એક મહિના માટે પૂરતું છે. આવી રીતે એક ગાયની સાથે ૩૦ એકરની ખેતી થઈ શકે છે.

પદ્મશ્રી ડૉ. સુભાષ પાલેકરને તેમનાં સંશોધનમાં જાણવા મળ્યું કે જંગલમાં ફળદાર ઝાડની નીચે ત્રણ ચતુર્થાંશ દ્વિદળી છોડ હોય છે. આમાં વધારે પ્રોટીન હોય છે, પ્રોટીનમાં સૂર્ય ઉર્જા વધારે ભરી હોય છે. જ્યારે બીજ પાકીને ખરી જાય છે, તો એની અંદર રહેલ ઉર્જા જીવાણુંઓને મળે છે. જેથી જીવાણુંઓની સંખ્યા ખૂબ જ ઝડપથી વધે છે. તેથી તેમણે દ્વિદળી બીજનો લોટ, છાણ, ગૌ મૂત્ર અને ગોળ સાથે એક પ્રયોગ કર્યો. વિવિધ પ્રમાણમાં આ લોટ નાખીને પ્રયોગ શરૂ કર્યો. ખેતરની જમીન પર છાંટયા પછી ખૂબ જ ચમત્કારીક પરિણામ મળ્યું. આ પ્રયોગને નામ અપાયું જીવામૃત અર્થાત જીવ અમૃત.

આચાર્ય દેવવ્રતનું 'પ્રાકૃતિક કૃષિ' પરનું પુસ્તક ખરેખર અદ્‌ભૂત, અવર્ણનીય અને સચોટ માહિતી, માર્ગદર્શન પુરું પાડતું ઉત્કૃષ્ટ છે. આપણી આસપાસના વર્તુળના, વતનના લોકો, મિત્રો સર્વને જો આ માહિતી પૂરી પડાય, કે આ ખેતીમાં ક્યાંય પણ યુરિયા, રાસાયણિક ખાતર, દવાઓનો ખોટો ઉપયોગ થતો નથી. કોઈપણ વિદેશી વસ્તુઓ વાપર્યા વગર આપણા સંશાધનો દ્વારા સર્વોત્તમ ખેતી કરી શકાય છે. તો માનવજાત પર બહુ મોટો ઉપકાર રહેશે. જાગ્રત બનો, બીજા ને ઉજાગર કરો. દેશ-વિદેશના ધનનો સચોટ ઉપયોગ કરી મબલખ પાક મેળવો. સમૃધ્ધ બનો.

વધુ માહિતી આવતા અંકમાં આપીશું. PPP

|| Jay Jay Shree Gokulesh ||

Atul Kadakia
98193 48001 / 70210 44631

Nihar Kadakia
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

LYFE MEDICO
CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

# દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

ઉપોરક્ત યોજના હેઠળ **શ્રી બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા)** એ **રૂા. ૭૮,૦૦૦/-** નું માતબર દાન આપ્યું છે તથા **શ્રી પંકજ કાન્તિલાલ ધારીઆ એ રૂા. ૧૫૦૦૦/-** નું માતબર દાન આપ્યું છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

સતત ૧૧ માં વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈ વસતા કુટુંબોને તા. ૨૦-૧૦-૨૦૨૧ થી તા. ૨૩-૧૦-૨૦૨૧ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨ થી ૫ કલાક દરમ્યાન આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે આપવામાં આવશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને **શ્રી મણીકાન્ત કડકીઆ** મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક - શ્રી મયુર રજનીકાન્ત શાહ**

# દિવાળી બક્ષિસ

અમને જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે એક અનામી દાતા તરફથી છઠ્ઠે વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૭૫૦/-** આપવામાં આવનાર છે.

એક વૈષ્ણવ તરફથી ત્રીજીવાર અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુબંદીઠ **રૂા. ૧,૦૦૦/-** આપવામાં આવશે.

આપની શુભ શરૂઆત માટે ગર્વની લાગણી અનુભવતા ધન્યવાદ પાઠવીએ છીએ.

મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૨૦-૧૦-૨૦૨૧ થી તા. ૨૩-૧૦-૨૦૨૧ સુધીમાં બપોરે ૧૨.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાકના સમયમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

**બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડરથી મોકલવામાં આવશે.**

બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને **શ્રી મણીકાંતભાઈ કડકીઆ** મારફતે આપવામાં આવશે.

સર્વ દાતાઓનો આભાર.

m **શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી**

TELEPHONE & SWITCHYARD WIRES HT CABLES LT CABLES LAN CABLES

CCTV CABLES SUBMERSIBLE WIRES SCREENED CABLES FLEXIBLE CABLES



JELLY FILLED TELEPHONE CABLES

CO-AXIAL CABLES SOLAR CABLES

WELDING CABLES SPEAKER WIRES

INDUSTRIAL WIRES




CABLE GLAND




FANS




CONCEALED METAL BOX




SWITCHES

# & MANY MORE PRODUCTS TO BE LAUNCHED

ESTD : 1958

## PRABHAT CABLES PVT. LTD.

33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com

Distributors :
POLYCAB
WIRES & CABLES

# માં હરસિધ્ધિની પ્રાગટય કથા

- તંત્રી મંડળ તરફથી

યદુ વંશી રાજપૂત કુળમાં અવતરેલા ભગવાન શ્રીકૃષ્ણ આદ્યશક્તિના ઉપાસક હતા. અમર કાર્યો કરી પોતાનું પ્રભુત્વ બતાવી ગયેલા લગભગ બધા મહાપુરુષો, સંત, સિદ્ધ અને શૂરવીરો જગદંબા આદ્યશક્તિના ઉપાસક હોય છે. શિવ ભગવાન અને તેના શક્તિ એક જ હોવા છતાં, બે સ્વરૂપે પૂજાય છે અને વરદાયિની એ શક્તિની કૃપાથી માણસના બધા મનોરથ પૂરા થાય છે.

ઈશ્વરના અવતાર ગણાયેલા ભગવાન શ્રીકૃષ્ણ પોતે સર્વ શક્તિમાન હતા. છતાં આદ્યશક્તિ જગદંબાનો મહિમા વધારવા એ યુગાવતારે મા હરસિધ્ધિની પોતાના કુળદેવી તરીકે સૌરાષ્ટ્રમાં સાગરકાંઠે આવેલા કોયલા નામના ડુંગર ઉપર સ્થાપના કરી હતી.



કોયલા ડુંગર ઉપર ભગવાન રણછોડરાય શ્રીકૃષ્ણને ભગવાન સદાશિવ મહાકાલની શક્તિનું સાક્ષાત સ્વરૂપે દર્શન થયેલું અને જગદંબાની કૃપાથી શ્રીકૃષ્ણને એમના જીવનકાર્યોમાં મહાન વિજય મળ્યા હતા.

સૌરાષ્ટ્રના સાગરકાંઠે કોયલા ડુંગર ઉપર પ્રગટ થયેલા જગદંબા માં હરસિદ્ધિ, ભગવાન સદાશિવની શક્તિ છે. ભક્તજનોએ ઉપાસેલાં એ જગદંબા યુગયુગથી જાગતી જ્યોતિ તરીકે હાજરાહજુર છે અને સંસારના દીન દુઃખી જનોના દુઃખોનું નિવારણ કરી એમને અભય વરદાન આપી રહ્યા છે.

જગદંબા હરસિદ્ધિ મા નું પવિત્ર શક્તિધામ દેશના અસંખ્ય દેવ ભક્તોની ધર્મ શ્રધ્ધાના પ્રતિક રૂપે અપાર મહિમા ધરાવતુ આજે પણ અનેક યાત્રિકોની સેવાભાવના સ્વીકારી તેનું મનોવાંછિત ફળ આપી રહ્યું છે.

હરસિધ્ધિ મા ના એ કોયલા ડુંગર ઉપરના શક્તિધામ ઉપરાંત એ માતાજીનું બીજું મંદિર માળવા દેશમાં ઉજ્જૈન શહેર પાસે ક્ષિપ્રા નદીને કાંઠે ઉભુ છે. માળવાના પરદુઃખભંજન રાજાવીર વિક્રમાદિત્ય પર પ્રસન્ન થયેલા હરસિદ્ધિ માતાજી કોયલા ડુંગરથી ઉજ્જૈન પધાર્યા હતા.

એ બેઉ શક્તિ ધામ વીસ સદી જેટલા લાંબા સમયથી પોતાનો શક્તિ પ્રભાવ એક સરખો જાળવી રહ્યા છે. હરસિદ્ધિની પ્રાગટય કથા તેમજ તેની અદભૂત લીલાઓનું દર્શન ભક્તિભાવ પ્રેરક તથા કલ્યાણ કરનારું છે.

જગતમાં વધેલા પાપોનો ભાર પૃથ્વીથી સહન થાય નહિ ત્યારે પાપની પીડા દૂર કરી, ધર્મનું સ્થાપન કરવા ઈશ્વર અવતાર ધારણ કરે છે. પરોપકાર એ પરમાત્માની શક્તિનું લક્ષણ છે. અને ધર્મનું સ્થાપન કરવા અવતરેલ ભગવાન કૃષ્ણે પેલા અસુર કંસને પળવારમાં ચપટીમાં ચોળી નાખ્યો.

યવનોનાં ભયંકર ઉપદ્રવમાંથી પોતાના આત્મજનો તથા પ્રજાજનોને બચાવી લેવા અવતારી મહાપુરુષ શ્રીકૃષ્ણ મથુરાનું સમરાંગણ છોડી પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં સ્થળાંતર કરી ગયા અને રણ છોડવાથી રણછોડ કહેવાયા.

ભગવાન શ્રીકૃષ્ણ પોતાના યદુકુળ તથા ગોપાલક આહિરોના વિશાળ જનસમૂહ સાથે સ્થળાંતર કરી આવ્યાં ત્યારે ભારતના અજાણ્યાં ખૂણામાં પડેલા એ ડુંગરાળ પ્રદેશ એક બેટ હતો અને અસંસ્કારી તથા અલગારી તાસીરના થોડા લોકોથી વસેલો એ બેટ બહુ બીકવાળો હતો. એટલે માત્ર નામની ખેતી સિવાય બીજો કોઈ વ્યવસાય ન હતો. વિશાળ દરિયા કાંઠે ચાંચિયા-ડાકુના અડ્ડા જામેલા હતા. પ્રભાસપાટણ, ગિરનાર, સોમનાથ ભગવાનના અતિ પ્રાચીન તીર્થસ્થાન પણ ત્યારે લગભગ નિર્જન હતા. જે કારણે બેટમાં ફેલાઈ ગયેલી લૂંટારૂ ટોળકીઓ યાત્રાળુઓને લુંટી લેતી હતા.

ભગવાન શ્રીકૃષ્ણના પુનિત ચરણોથી ધન્ય બનેલો એ વિશાળ બેટ સુ-રાષ્ટ્ર સૌરાષ્ટ્ર નામે ધન્ય બન્યો ત્યારે મીઠા મહેરામણ જેવી મહાનદી સિંઘનો જળપ્રવાહ

Selected Business Superbrand INDIA 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS



• Electrical Wires – Housegard & Hotgard • Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard • Single & Multi Core Flexible Cables • Single Core Flexible Cables for UPS Cabling • PVC Winding Wires & 3-Core Flat Cables • Trunk & Distribution CATV Cables • Branch & Drop Co-axial Cables • 105°C Temperature Resistant Auto Cables • Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components • Telephone & Switchboard Cables • Power & Control Cables • Jelly Filled Telephone Cables • Optic Fibre Cables • PVC Sheets • Finoswitch Electrical Switches - Premium & Classic • Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 • 2208 7429 • 2206 5726 • 6637 7929**
**• E-mail : sales@pushtiindia.com • Fax : 2206 7929**
**• Web.: www.pushtiindia.com**

કચ્છના ઉત્તર પૂર્વમાં વહી, ખંભાતના અખાતને મળતો હતો. સિંધુ નદીના અમૃત જેવા જળથી સિંચાઈ, એ વિશાળ પ્રદેશો સદાયે હરિયાળા રહેતા હોવાથી પશુપાલક માલધારીઓ માટે એ નંદનવન જેવા પ્રદેશમાં દૂધ ઘી ની નદીઓ વહેતી.

એવા સૌરાષ્ટ્રના ગિરનાર, શેત્રુંજો, પાંચાળ અને બરડાના ડુંગરાળ પ્રદેશોમાંથી ભગવાન શ્રીકૃષ્ણે ત્રાસવાદી લૂંટારાઓને દૂર કરી તેને સુધાર્યા અને સૌરાષ્ટ્રને પશ્ચિમ સાગરકાંઠે દ્વારકાપુરી નામે નગરી વસાવી. ભગવાન રણછોડરાય શ્રીકૃષ્ણે ત્યાં પોતાની રાજગાદી સ્થાપીને દેશની બીજી પ્રજાઓને પણ વસાવી ખેતી ઉપરાંત બંદરી વેપાર વધતાં સૌરાષ્ટ્ર આબાદ થયું. દેવતાઓને પ્રિય એવી આ કરડી કઠોર ભૂમિના માનવીનું મન ભક્તિશીલ બન્યું અને અહીંની પ્રજા ખુમારીવંશી હતી. આમ મથુરા છોડી સૌરાષ્ટ્રમાં આવી વસેલા ભગવાન શ્રીકૃષ્ણ શાંતિનો શ્વાસ લે ત્યાં તો વેરવૃત્તિથી સળગતો પેલો મહારિપું કાળયવન ભગવાનનું પગેરૂ લઈ સૌરાષ્ટ્રમાં ચડી આવ્યો.

અનંત લીલા કરવા અવતરેલા, ભેદનીતિકુશળ ભગવાન કૃષ્ણે કાળયવન જેવા દુષ્ટ દુશ્મનોનો નાશ કરવા ચાલાકીભર્યો દાવ ખેલ્યો. કાળયવનને ધસી આવતો ભાળી શ્રીકૃષ્ણ જાણે જીવ લઈને નાસતા હોય તેમ ગિરનાર ભણી નાઠા.

દેવતાઓના કામ મારે ભારે પરિશ્રમ કરી ખૂબ થાકી ગયેલો મુંચકુંદ નામનો મહાપુરુષ ગિરનારની એક જાણીતી ગુફામાં ઘણા લાંબા સમયથી એકધારી અબાધ ઉંઘ ખેંચી રહ્યો હતો.

મુંચકુંદને દેવતાઓનું વરદાન હતું તેને ઉંઘમાંથી જગાડનારનું તત્કાળ મોત થશે. ભગવાન શ્રીકૃષ્ણ આ વરદાનની વાત જાણતાં હોવાથી જે પાછળ પડેલા કાળ યવનને તેઓ પેલી ગુફા ભણી ખેંચી ગયા. પોતાની પાછળ દોડી આવતા કાળયવનની નજર સામે ભગવાન શ્રીકૃષ્ણ દોડીને પેલી અજાણી ગુફામાં પેસી મુંચકુંદ લાંબી ઉંઘ ખેંચતો સૂઈ રહ્યો હતો. ઉંઘમાં પડેલા મુંચકુંદ ઉપર પોતાના ઉપરણો ઉપવસ્ત્રો, ઓઢાડી કૃષ્ણ દૂર જઈ છૂપાયા, એટલામાં મારુ મારુ કરતાં ધસી આવેલા કાળયવનને ત્યાં સૂતેલાં મુંચકુંદને જ કૃષ્ણ માની લઈ ભયાનક ત્રાડ પાડી પડકાર્યો....

ઉંઘમાં ખલેલ પડતાં જાગી ગયેલા મુંચકુંદે ક્રોધથી સળગતી નજરે કાળયવન સામે જોયું અને દેવતાઓના વરદાન અનુસાર એજ ક્ષણે પ્રભુનો દુશ્મન કાળ યવન ત્યાંજ બળીને ભસ્મ થઈ ગયો. આમ શ્રીકૃષ્ણે ટાઢે પામીએ ખસ કાઢી. પણ મહાન કાર્યો કરવા અવતરેલા મહાપુરુષોના જીવન પંથ અનેક કાંટાઓથી ભરેલો હોય છે. એક કાંટો દૂર કર્યો તો ભગવાન સામે બીજો કાંટો ફુટી નીકળ્યો.....

મહાનગરી દ્વારકા વસાવી હતી તેના સાગરકાંઠા પાસે શંખોદ્વાર નામે ટાપુ હતો. એમાં શંખાસુર નામે અસુર રાજાએ પોતાની પ્રચંડ તાકાતથી ઉપદ્રવ મચાવ્યો હતો. પોતાની નજીક આવી વસેલા બળવાન રાજા રણછોડરાય શંખાસુરને આંખના કણાંની જેમ ખટકવા લાગ્યા. જે માણસ આ વિશાળ સાગરના વેપારી વહાણોનો જીવતો જાગતો કાળ હતો તેણે પોતાની બળવાન સેના સાથે વારંવાર ધસી આવી, નવી વસેલી દ્વારકાપુરીને ખેદાનમેદાન કરવા માંડી. એના હૂમલા ચોર છુપા હોવાથી દ્વારકાના રાજા શ્રીકૃષ્ણએ અસુરના ત્રાસથી કંટાળ્યા.

શંખાસુરની ઈચ્છા દ્વારકા ન વસવા દેવાની હતી, કારણ કે યદુકુળના બલવાન રાજપુતો અહીં તેની પાપલીલાઓ ચાલવા દેવાના નહોતા. ખુલ્લી લડાઈમાં પોતે પહોંચી શકવાનો નથી એ જાણતો હોવાથી શંખાસુર ભગવાનની નજર છેતરી દ્વારકા ઉપર છાપા મારતો હતો.

ભારે પ્રયાસો કરવા છતાં ભગવાન રણછોડરાય શંખાસુરનો ઉપદ્રવ ટાળી ન શક્યા એટલે તેઓ કંટાળી જરા દૂરના સ્થળે સાગરકાંઠે આવેલા એક ડુંગર ઉપર ચાલ્યા ગયા. એ સમય ગાળામાં આદ્યશક્તિ જગદંબાની ઉપાસના નવરાત્રિના ચેતનવંતા દિવસો આવ્યા.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યકત કરો !



**પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી** અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,**
**એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

યદુવંશી ક્ષત્રિયકુળમાં આદ્યશક્તિ અંબાની પૂજા આદિકાળથી થતી. શક્તિની પ્રતિક જેવા રાજપૂતો જન્મથી દેવી પૂજક હોય છે.

શ્રી કૃષ્ણે નવરાત્રીના દિવસમાં માતાજીનું પૂજન, અર્ચન, હવન કરી, ભક્તિભાવે શક્તિથી કૃપા યાચી અને માતાનો મહિમા વધારવો હતો એટલે ભગવાને, સામાન્ય માણસની જેમ કુળદેવીની પ્રાર્થના કરી ભક્ત પ્રતિપાલક માં ભવાનીએ પ્રગટ થઈ શ્રીકૃષ્ણને કહ્યું : તમારા ભક્તિભાવથી હું પ્રસન્ન થઈ છું અને તમે જે જોઈએ તે વરદાન માંગો !

રણછોડરાયના મનમાં શંખાસુર દુશ્મન બની ખટકતો હતો પરંતુ પોતાના ઈષ્ટ આરાધ્ય કુળદેવીની કૃપા વગર એમણે જગદંબાના ચરણોમાં માથું નમાવી કહ્યું : અમારે સ્થળાંતર કરી આ દૂર દેશમાં આવી વસવું પડયું ને એટલા સમયમાં અમારાથી આપની સેવાપૂજા ન થઈ શકે તેથી અમારી શક્તિ ઓછી થઈ, પરંતુ મા તમે દયાળુ છો તેથી મને એવી શક્તિ આપો જેથી હું શંખાસુરનો પરાભવ કરી પ્રજાને બચાવી શકું.

પ્રાર્થનામાં રહેલા ભક્તિભાવથી વધુ પ્રસન્ન થયેલા જગદંબા હરસિદ્ધિ નામ ધારણ કરી પ્રગટ થયાં હતાં. તે પ્રસન્નતાથી બોલ્યા : તમારી ઈચ્છા પુરી થશે પરંતુ હું તમારા યદુવંશી રાજપુતકુળની આરાધ્ય કુળદેવી છું. ભગવાન હર એટલે સદાશિવની શક્તિ ગણીને તમે મને હરસિદ્ધિ તરીકે યાદ કરી પૂજા-આરાધના કરજો એટલે હું તમારા કુળનું હંમેશા રક્ષણ કરીશ અને તમને શક્તિ આપીશ.

જદગંબાએ આપેલું વરદાન શિરોમાન્ય કરી શ્રીકૃષ્ણ એ કોયલા ડુંગર ઉપર માતાજીનું સ્થાપન કર્યું. પોતાની જ અપાર શક્તિથી અસુરોને સંહારનાર કૃષ્ણ પ્રભુએ હરસિદ્ધિનો મહિમા સ્થાપ્યો અને જગદંબા બોલ્યા : તમારા દુશ્મન શંખાસુરનો નાશ કરવા યાદવોની સેના લઈને રત્નાકર સાગરકાંઠે જાવ એ જે બેટમાં રહે છે ત્યાં જવા તમારી સેના પ્રયાણ કરશે ત્યારે કોયલ-પક્ષીનું રૂપ લઈ હું તમારા ભાલા પર આવી બેસીશ એટલે તમારા યોદ્ધાના ઘોડા સહેલાઈથી સાગર પાર કરી શંખો દ્વાર બેટ ઉપર ઘસી જશે અને શંખાસુર સાથેની લડાઈમાં તમે એનો સંહાર કરી વિજય મેળવશો એટલે દ્વારકાપુરી ભયમુક્ત થશે.

પોતાના કુળદેવી મા હરસિધ્ધિનું આવું વરદાન પામેલા શ્રી કૃષ્ણે દેવીની આજ્ઞાથી શંખોદ્ધાર બેટ ઉપર ચડાઈ કરી ત્યારે જગદંબા કોયલ ભગવાનના ભાલા ઉપર આવી બેઠા. ને તેમને આપેલી શક્તિના પ્રભાવે પેલા બેટમાં પોતાનો લોખંડી કિલ્લો બાંધી ત્યાં રાજ કરતા શંખાસુરનો સંહાર કરી, એણે બંદીવાન બનાવેલી સોળ હજાર કન્યાઓને મુક્ત કરી શ્રીકૃષ્ણે વિજય ધ્વજ ફરકાવ્યો.

બેટ શંખોદ્ધાર તેમજ દ્વારકા સાથે સમગ્ર પશ્ચિમ કાંઠાના ઓખા પ્રદેશની પ્રજા શંખાસુરના ત્રાસમાંથી મુક્ત બની અને આનંદઘેલી પ્રજાએ દ્વારકાના રાજ રણછોડરાયની પોતાની છત્રપતિ તરીકે પૂજા કરી. શંખોદ્ધાર, બેટ કબજે કરી ત્યાંથી પ્રજાને અભય વચન આપીને ભગવાન શ્રીકૃષ્ણે ભવ્ય મંદિર બંધાવ્યા. આજે પણ દ્વારકાની યાત્રાએ જનારાં બેટ શંખોદ્ધારમાં બીરાજતા માધવરાય ત્રિકમરાયના દર્શન કરીને આનંદ અનુભવે છે.

આમ ભગવાન શ્રીકૃષ્ણે પોતાને વિજય વરદાન આપવા માટે પ્રગટ થયેલા જગદંબા હરસિધ્ધિ માતાના પ્રાગટય સ્થાને પેલા ડુંગર ઉપર ભવ્ય મંદિર બંધાવી ત્યાં માતાજીની સ્થાપના કરી. માતાજીએ કોયલનું રૂપ ધારણ કર્યું હતું. તેની યાદ તાજી રાખવા એ ડુંગરનું નામ કોયલા ડુંગર રખાયું. અને આજે પણ તે કોયલા ડુંગર તરીકે ઓળખાય છે.

જગદંબા હરસિધ્ધિને ભક્તજનોએ કોયલા ડુંગરની રાજ રાજેશ્વરી તરીકે ઓળખાવી આરાધના શરૂ કરી. પ્રજાપીડક અસુર શંખાસુરને સંહારવાનું બળ આપનાર માતાજીની કૃપાથી શ્રીકૃષ્ણ તથા આખા યદુકુળના રાજપુતોને ખૂબ હર્ષ થયો એટલે એમને હર્ષદા-અંબા-હરસિધ્ધિને પોતાની કુળદેવી માની ભક્તિ કરવાં માડી.

પેલો બેટ દ્વારકાથી ૧૦ કીલોમીટર દૂર ઓખા બંદર પાસે છે. આજે તે ભારતનું યાત્રાધામ ગણાય છે. તે રીતે

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in
BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

દ્વારકા અને પોરબંદર વચ્ચે મીયાણી ગામ પાસે કોયલા ડુંગર ઉપર મા હરસિધ્ધિનું ધામ પણ દેવી ભક્તો માટે પુનિત યાત્રાધામ ગણાય છે. ઉપદ્રવકારી શંખાસુર મરાયા પછી સમૃદ્ધ બનેલું સુવર્ણ નગરીની ઉપમા પામ્યું અને લીલાઓ કરવા અવતરેલા યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકા નગરીમાં લગભગ એક સદી જેટલા લાંબા સમય સુધી રાજસભા ભોગવી.

આમ ભગવાન શ્રી કૃષ્ણે સ્થાપેલા જગદંબા હરસિધ્ધિ માતાની જ્યોત અનેક યુગના ગાળા પછી આજે પણ એવી પ્રકાશમય રહી છે.

અસંખ્ય દેવીભક્તોનાં આરાધ્ય માતા હરસિધ્ધિ હાજરા હજુર છે અને પોતાના શરણે આવેલાઓના દુઃખ દારીદ્રતાનો નાશ કરી એ જગદંબા તેમને મંગળ કામનાઓ પૂર્ણ કરે છે.

(દેવી હરસિધ્ધિ અને હિંગળાજમાંથી સાભાર)

PPP


ll Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**
*Flat/Shop/Office/Gala/Shed*
**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL


## ઘર એ સ્વર્ગ

- સુધા પી. કે. શાહ

**આ કરોનાના સમયમાં......**

ઘર એક ફૂલવાડી
કે એક મંદિર, જેનો નાથ આ સંસાર
ઘર, એ સજાવેલો માળો
કે પછી સ્વજનોનો મેળો
સંબંધોને જકડી, સાચવનાર
ઘર જાણે સવાર અને સાંજનું જ્ઞાન
લાગણીઓનું, પ્રેમનું
એ તો એક અલંકાર
એક અપ્રતિમ સ્વર્ગ
મારું સ્વર્ગ - મારું ઘર
દીવાઓથી જગમગતું
સાથિયાથી સજાવેલું,
તોરણથી મઢેલું,
કેટલી દિવાળીની યાદો
રગરગમાં સમાયેલી
ઘર, બલિદાનોથી ભરપૂર
મારી આશાઓ, મારા ઉમંગોથી
બનેલું એ મારું ઘર
જાણે એ અન્નપૂર્ણા
કે વિશ્રામ સ્થાન
આત્મશાંતિ મળે એ ઘર
મારું ઘર.... મારું ઘર...



# હિંડોળા ખાટ



**ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી ગરબાની કડી પૂર્ણ કરો.**
**(ઉજાગરો, માળા, આશિષ, ગુર્જરી, ભવભવ, સોપારી, રઢિયાળી, લેરાલેર, રાંધણિયા, ચૂડલીયું, કોડીલા, સંગાથે, પાનીયું, ચૂંદડી)**

૧) ઉતારો આતમથી __________ ના પારથી, નિર્મળ હૈયાની વાત કહેવા મહિયારાં રે.....

૨) મારા કડલાં ઉપર રે, મોર કાં બોલે, મારી કાંબીયું, __________ જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે

૩) ઘરમાંથી __________ ને કાઢો, ધુમાડે આખ્યું દુઃખે, પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.



૪) સખીઓ __________ કેવા ઘૂમે છે, ફરરર ફૂદડી ફરે, અંબે મા ચાલે ધીરે ધીરે...

૫) રાસે રમતી, આંખને ગમતી, પૂનમની __________ રાતે, મારું મન મોહી ગયું.

૬) ગોપી તે હાલ્યાં, વનરાં તે વનની મોઝાર જો, કાનવર __________ રે, કેડો મારો રોકી ઊભા રે લોલ

૭) લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર, લટક મટકની ચાલ ચાલતી જુઓ __________ નાર.

૮) હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો ? આ આંખલડી રાતી ને __________ ભારે કીધો.

૯) તમે ઓલું લાવજો, પેલું લાવજો, પાન __________, પાનનાં બીડાં, એલચી દાણા હોં કે પેલું લાવજો રે હો મારવાડા.

૧૦) મા તું સૌને __________ દેનારી રે મા... જ્યાં જોઉં, તું કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા.

૧૧) ડોકનો હારલો ક્યાં મૂકી આવ્યા ? __________ તે કોની ચોરી લાવ્યા... ? હો કાન.

૧૨) આવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યાં, મારી ______ ભીંજાઈ ભીંજાઈ જાય રે, કાનુડા તારા મનમાં નથી

**જવાબ : (૧) ભવભવ (૨) લેરાલેર (૩) રાંધણિયા (૪) સંગાથે (૫) રઢિયાળી (૬) કોડીલા (૭) ગુર્જરી (૮) ઉજાગરો (૯) સોપારી (૧૦) આશિષ (૧૧) માળા (૧૨) ચૂંદડી**

---

## કાનો રમે છે મારી કેડમાં



નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં,
નંદકુંવર, ફૂલકુંવર નાનો રે, ગેડી-દડો કાનાના હાથમાં.... નટવર...
ક્યો તો ગોરી હાલારના હાથીડા મગાવી દઉં
હાથીડાનો વો'રનાર રે, કાનો રમે છે મારી કેડમાં... નટવર....
ક્યો તો ગોરી ઘોઘાના ઘોડલાં મગાવી દઉં
ઘોડલાંનો વો'રનાર રે, કાનો રમે છે મારી કેડમાં... નટવર....
ક્યોતો ગોરી ચિત્તળની ચૂંદડી મગાવી દઉં,
ચૂંદડીનો વો'રનાર રે, કાનો રમે છે મારી કેડમાં... નટવર....

## ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના

ઢોલીડા ઢોલ ધીમે ધીમે વગાડ ના, ધીમે વગાડ ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના....ટેક
ધ્રુજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના...
પૂમનની રાતડીને આંખડી ઘેરાય ના આંખડી ઘેરાય ના.....
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના...
હો.... ઓ... ચમકંતી ચાલ અને ઘૂઘરી ઘમકાર,
નૂપુરના નાદ સાથે તાલીઓના તાલ......
ગરબામાં ઘૂમતાં માને કોઈથી પહોંચાય ના,
કોઈથી પહોંચાય ના, રઢિયાળી ......ઢોલીડા ઢોલ....
હો..... ઓ વાંકડિયા વાળ અને કેશકલાપ,
મોગરાની વેણીમાં શોભે ગુલાબ,
નીરખું નીરખું ને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના,
રઢિયાળી ......ઢોલીડા ઢોલ....
હો...... ઓ શોળે શણગાર સજી અવની પર આઈ,
રમવાને રાસ આવ્યાં. અલબેલી માંય,
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માન ના,
રઢિયાળી ......ઢોલીડા ઢોલ....

## સાચી રે મારી સત રે ભવાની મા

સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા,
હું તો તારી સેવા કરીશ, મૈયાલાલ,
નવ નવ નોરતાં, પૂજાઓ કરીશ મા,
વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયાલાલ... સાચી રે....
જ્યોતિમાં એક તારી છે જ્યોતિ,
તારા સતનું ચમકે છે મોતી,
માડી રે મારી શક્તિ ભવાની મા,
હું તો તારી આરતી ઉતારું, મૈયાલાલ... સાચી રે....
શક્તિ રે, તું તો જગની જનેતા મા,
ભોળી ભવાની મા, અંબા ભવાની માત,
હું તો તારાં પગલાં પૂજીશ મૈયાલાલ... સાચી રે....
જત્તમાં તેં જ એક માયા રચાવી,
દર્શન દેવા તું સામે રે આવી;
માડી રે આવો રમવા ભવાની મા,
હું તો તારાં વારણાં લઈશ મૈયાલાલ... સાચી રે....

## ધૂપસળી

૧) દયા ધમરકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન
તુલસી દયા ન છાંડીએ જબ લગ ઘટમેં પ્રાણ
૨) જ્યાં આદર, જ્યાં આવકાર, જ્યાં નૈંનોમાં નેહ,
ઉસ ઘર જાઉં સજના, ભલેને વરસે ભાલના મેહ
૩) શેરી મિત્ર સો મળે, તાળી મિત્ર અનેક
જેમાં સુખ દુઃખ પામીએ, તે લાખોમાં એક.
૪) સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.
૫) વાપરતાં આ વિશ્વમાં સહુ ધન ખૂટી જાય,
વિદ્યા વાપરતાં વધે, એ અચરજ કહેવાય
૬) વર્ષાના સિંચને દાણો દટાયેલો ઊઠે ઊગી,
વિઘ્ન આગમનને તેમ તુપ્ત શક્તિ ઊઠે ખીલી
૭) મોતી ભાંગ્યુ વીંધતા, મન ભાંગ્યુ કવેણ
ઘોડો ભાંગ્યો ખેડતાં, નહિ સાંધો નહિ રેણ
૮) બળની વાતો બહુ કરે, કરે બુદ્ધિના ખેલ
આપદ્‌કાળે જાણીએ તલમાં કેટલું તેલ
૯) પરસેવાને પ્રબળ રસાયણ થઈ સઘળે, રેલાવું પડશે,
ભલે, ભાગ્યરેખા વજ્જર-સમ એને પણ ભુંસાવું પડશે
૧૦) જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે,
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે

# SWETA ELECTRIC CORPORATION

71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002

TEL NO.: 22087171 / 22088662 / 65207269

Email: sweta@xlelectricals.com

PRAFUL SHAH : MOB: 98339 25359

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# શા માટે પામ તેલ દૈનિક જીવનમાં અનિવાર્ય ?

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

પામ ઓઈલ દુનિયાનું સૌથી લોકપ્રિય વનસ્પતિ તેલ છે આપણી રોજિંદી જરૂરિયાતોમાં સામેલ થઈ ચૂક્યું છે. આજે તેનો શેમ્પુ કે સ્નાન માટેના સાબુમાં, ટૂથપેસ્ટમાં કે વિટામિનની ગોળીઓમાં તથા મેકઅપના સામાનમાં આ તેલનો ઉપયોગ કોઈને કોઈ રીતે જરૂર કર્યો હશે.

તમે વાહનોમાં પ્રવાસ કરો છો એ કાર, બસ કે ટ્રેન જે ઈંધણથી ચાલે છે તેમાં પણ પામ તેલ હોય છે. ડીઝલ અને પેટ્રોલમાં બાયોફ્યૂઅલના અંશ સામેલ હોય છે. જે મુખ્યત્વે પામ તેલમાંથી મળે છે. એટલું જ નહીં જે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને તમે વીજળીથી ચલાવો છો, તેને બનાવવા માટે પણ તાડના દાણામાંથી બનેલા તેલને સળગાવવામાં આવે છે.



પામ તેલ વિશ્વનું સૌથી લોકપ્રિય વેજિટેબલ તેલ છે અને રોજ ઉપયોગમાં લેવાતા કમસેકમ ૫૦ ટકા ઉત્પાદનોમાં એ કોઈને કોઈ સ્વરૂપે હાજર હોય છે. ઔદ્યોગિક પ્રયોગોમાં પણ તેનો ઉપયોગ મહત્વનો છે.

ખેડૂતોએ ૨૦૧૮ માં વૈશ્વિક બજાર માટે લગભગ ૭.૭૦ કરોડ ટન પામે તેલનું ઉત્પાદન કર્યું હતું અને ૨૦૨૪ સુધીમાં ૧૦.૭૬ કરોડ ટન પામ તેલનું ઉત્પાદન થવાની આશા છે. પામ તેલની વધતી માગ અને એ માટે તેના વધુમાં વધુ વૃક્ષો વાવવાના કારણે ઈન્ડોનેશિયા તથા મલેશિયામાં જંગલનો વિસ્તાર સતત ખતમ કરવામાં આવતો હોવાના આક્ષેપ પણ થતા રહે છે. એટલું જ નહીં, જંગલનો વિસ્તાર ઘટવાની માઠી અસર ઓરંગુટાન જેવા જંગલી પ્રાણીઓ પર થઈ રહી છે.

ઈન્ડોનેશિયા અને મલેશિયામાં જ લગભગ ૧.૩ કરોડ હેકટર જમીન પર તેલ માટે પામના વૃક્ષનું વાવેતર કરવાં આવ્યું છે. આ સંખ્યા વિશ્વમાં પામના કુલ વૃક્ષો પૈકીની અડધી છે. ગ્લોબલ ફોરેસ્ટ વોચના જણાવ્યા અનુસાર, માત્ર ઈન્ડોનેશિયામાં જ ૨૦૦૧ થી ૨૦૧૮ દરમિયાન ૨.૫૬ કરોડ વૃક્ષો કાપી નાખવામાં આવ્યાં હતાં. જમીનનું આ પ્રમાણે એટલે ન્યૂઝીલેન્ડ દેશના આખા વિસ્તાર જેટલું અંદાજે ગણાય. આ કારણસર સરકાર તથા ઉદ્યોગપતિઓ પર પામ તેલનો વિકલ્પ શોધવાનું દબાણ છે, પરંતુ આ જાદુઈ ઉત્પાદનનો વિકલ્પ શોધવાનું આસાન નથી.

ઓઈલ માટે પામની કાપણી આસાન નથી હોતી. કેટલાક ઉત્પાદનો માટે પામ તેમ કાઢવાનું ઉત્પાદકોને એટલું મુશ્કેલ હતું કે કંપનીએ તે બ્રાન્ડ પર પોતાનું નામ પણ લખ્યું ન હતું.

અમેરિકામાં પામ તેલની સૌથી મોટી ખરીદકર્તા અને વિખ્યાત ફૂડ કંપની જનરલ મિલ્સે પણ આ મુશ્કેલીમાંથી પસાર થવું પડયું હતું. જનરલ મિલ્સના પ્રવક્તા મોલી વુલ્ફ કહે છે,'અમે પહેલાં પણ એ દિશામાં વિચાર્યું હતું, પરંતુ પામ ઓઈલમાં કેટલાંક ખાસ તત્વો હોવાને કારણે તેની નકલ કરવાનું મુશ્કેલ હોય છે.'

રસોડામાંથી માંડીને બાથરૂમ સુધીની દરેક ચીજમાં પામ તેલની હાજરી હોવા છતાં ૨૦૧૭ માં યુરોપિયન યુનિયન દ્વારા આયાત કરવામાં આવેલા. કુલ પૈકીના


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

અડધોઅડધ પામ તેલનો ઉપયોગ ઈંધણે માટે કરવામાં આવ્યો હતો. જો કે યુરોપિયન યુનિયને ૨૦૧૯માં જાહેરાત કરી હતી કે પામ ઓઈલ અને અન્ય ખાદ્ય પાકોમાંથી નીકળતા બાયોક્યૂઅલનો ઉપયોગ બંધ કરવામાં આવશે કારણ કે તેના ઉત્પાદનથી પર્યાવરણને નુકશાન થઈ રહ્યું છે.

રોજિંદા જીવનમાં પામ તેલનો આટલા મોટા પ્રમાણમાં ઉપયોગ થવા પાછળ તેની ખાસ કેમિસ્ટ્રી જવાબદાર છે. પશ્ચિમ આફ્રિકામાં બીજમાંથી નીકળતું પામ તેલ પીળું તથા ગંધહીન હોય છે. જે ખાવાના ઉપયોગ માટે યોગ્ય છે. પામ તેલનો મેલ્ટિંગ પોઈન્ટ વધારે છે અને તેમાં સેચ્યુરેટેડ ફેટ પણ વધારે પ્રમાણમાં હોય છે. તેથી ખાતી વખતે એ મોઢામાં ઓગળી જાય છે અને મિઠાઈ વગેરે બનાવવા માટે એ યોગ્ય છે.

બીજા ઘણા પ્રકારના તેલને કેટલીક હદ સુધી હાઈડ્રોજનેટેડ કરવા પડે છે. હાઈડ્રોજનેટેડ એવી પ્રક્રિયા છે જેમાં તરલ ફેટમાં હાઈડ્રોજન મેળવીને તેને નક્કર ફેટ બનાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં ફેટમાં હાઈડ્રોજન અણું રસાયણિક રીતે ભળી જાય છે. જેનાથી આરોગ્ય માટે નુકસાનકારક ટ્રાન્સફેટ તૈયાર થાય છે પણ પામ તેલ પોતાની ખાસ કેમિસ્ટ્રીને કારણે ઉંચા તાપમાનમાં પણ બચી જાય છે અને ખરાબ થતું નથી. પામ તેલથી બનાવેલાં ઉત્પાદનો લાંબા સમય સુધી ખરાબ થતાં નથી.

પામ તેલ અને તેનાં પ્રોસેસિંગ પછી બચેલા તેના દાણા બન્નેનો ઉપયોગ ઈંધણ તરીક કરી શકાય છે. પામની છાલને પીસીને કોન્ક્રિટ બનાવવામાં આવે છે. પામ ફાઈબર અને દાણાને સળગાવ્યા બાદ બનેલી રાખનો ઉપયોગ સિમેન્ટ તરીકે થઈ શકે છે.

ખરાબ જમીન અને ઉષ્ણ કટિબંધીય વિસ્તારોમાં પામ તેલનાં વૃક્ષો આસાનીથી ઉગાડી શકાય છે અને એ ખેડૂતો માટે લાભકારક સોદો છે. પાછલાં કેટલાંક વર્ષોમાં પામના વૃક્ષો આટલાં મોટા પ્રમાણમાં શા માટે ઉગાડવામાં આવી રહ્યાં છે એ હવે સમજી શકાય તેમ છે.

સુપર માર્કેટમાં આ પ્રકારનાં ઉત્પાદનો પૈકીના મોટા ભાગનામાં પામ ઓઈલ હોય છે. પામ તેલનો વિકલ્પ શોધવા માટે અત્યાર સુધીમાં અપનાવવામાં આવેલો સૌથી આસાન રસ્તો. પામ તેલ જેવા ગુણોવાળું અન્ય વનસ્પતિ તેલ શોધવાનો રહ્યો છે. ખાદ્ય પદાર્થો અને સૌંદર્ય પ્રસાધનોના વૈજ્ઞાનિક શે બટર જોજોબા, કોકમ, ઈલિપ, જેત્રોફા અને કેરીની ગોટલીમાં પણ વિકલ્પ શોધી રહ્યા છે પણ આવા ઉત્પાદનોને, આર્થિક સ્પર્ધા કરી શકે અને એ પામ તેલનું સ્થાન લઈ શકે એવા સ્તરે લાવવાનું બહુ મુશ્કેલ છે.

આપણે પામ તેલની નકલ ન કરી શકીએ, પણ તેના ઉત્પાદનની રીત બદલાવીને તેની પર્યાવરણ પર થતી માઠી અસરને ઓછી જરૂર કરી શકીએ. આવું કરવા માટે આપણે પાછું વળીને એ જોવું પડશે કે અત્યારે પામ તેલની આટલી માગ શા માટે છે.

એક હેક્ટર જમીનમાં થયેલા પામના પાકમાંથી લગભગ ચાર ટન વનસ્પતિ તેલ બનાવી શકાય છે. એટલા જ પ્રમાણાં સફેદ સરસવ ઉગાડવામાં આવે તો ૦.૬૭ ટન, સુરજમુખી ઉગવાડવામાં આવે તો ૦.૪૮ ટન અને સોયાબીન ઉગાડવામાં આવે તો ૦.૩૮ ટન તેલ મળે છે.

પામ તેલ ઉદ્યોગને કારણે ઓરેંગટનની પ્રજાતિ પર જોખમ સર્જાયુ છે. જો કે પામ ભૂમધ્ય રેખાથી ૨૦ ડિગ્રીમાં ઉગે છે. એ ગાઢ જંગલવાળો વિસ્તાર છે અને ત્યાં વિશ્વની ૮૦ ટકા વન પ્રજાતિઓ જોવા મળે છે. પર્યાવરણ પર ઓછામાં ઓછી માઠી અસર થાય એ રીતે પામ ઉગાડવા શક્ય છે. ઓસ્ટ્રેલિયાના સી.એસ.આઈ.આર.ઓ. રિસર્ચ સેન્ટરમાં કામ કરી ચૂકેલા વિજ્ઞાની કાઈલ રેનોલ્ડ્ઝ કહે છે,'પામ પૃથ્વીની ઉત્તક કે દક્ષિણ છેડા પર વિકસી શકે નહીં એ ઘણા અંશે ઉષ્ણકટીબંધીય પાક છે.'

અળસીમાંથી પણ તેલ કાઢી શકાય છે, પરંતુ પામ તેલ સાથે તેની સ્પર્ધા કરાવાવી મુશ્કેલ છે. પામ ઓઈલને જાદુઈ પાક કહી શકાય કારણ કે એ ઝડપથી ઉગે છે, વિકસે છે અને તેમાંથી બીજાં ઘણાં ઉત્પાદન નીકળે છે. એક વાત સ્પષ્ટ છે કે પામ તેલને નજરઅંદાજ કરવાનું અશક્ય છે અને તેનું સ્થાન લેવાનું પણ મુશ્કેલ છે.

ભારત પણ પામની ખેતી કરવામાં પાછળ રહેવા નથી માંગતું. હમણાં ભારતમાં પામની ખેતી ૩.૭૦ લાખ હેક્ટરમાં કરીને ૩.૫૦ લાખ ટન પામ તેલનું ઉત્પાદન મેળવવામાં આવે છે. તાજેતરમાં પામની ખેતીને પ્રોત્સાહન આપવા ભારત સરકારે ૧૧૦૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને ૨૦૨૫ – ૨૬ સુધીમાં ૧૦ લાખ હેકટરમાં પામની ખેતી કરીને ૧૧.૨૦ લાખ ટન પામ તેલનું ઉત્પાદન મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે અને આગળ ૨૦૨૯-૩૦ સુધીમાં ૧૯ લાખ હેક્ટરમાં પામની ખેતી કરીને ૨૮ લાખ ટન પામ તેલનું ઉત્પાદન મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે. આમ કરવાનું કારણ છે કે ભારતની ખાદ્ય તેલની વાર્ષિક જરૂરિયાત ૨૨૫ થી ૨૫૦ લાખ ટનની છે અને ઉત્પાદન માત્ર ૭૦ થી ૭૫ લાખ ટન થાય છે. આમ દર વર્ષે ભારત લગભગ ૧૫૦ લાખ ટન ખાદ્ય તેલ આયાત કરવું પડે છે. આમ ભારત સરકાર પામની ખેતીનો વિસ્તાર વધારીને ભારતને ખાદ્ય તેલોના ઉત્પાદનમાં આતમનિર્ભર બનવા પગલાં ભરી રહી છે. PPP


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**


**શ્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર) મુંબઈ**

આપણા દશાનીમા વૈષ્ણવના ગોર મહારાજ ગોપાલભાઈ ભટ્ટ શામળાજીના ટ્રસ્ટી મંડળમાં નિમણૂંક થયા છે. સમાજ માટે ગૌરવની વાત છે. તેમને નિજ મંદિરમાં સેવા માટેના વિભાગ અને રાજભોગ સેવા માટેનો વિભાગ અને ગૌશાળાની સેવા માટેની જવાબદારી માટે નિયુક્ત કર્યા છે. વૈષ્ણવો તેમના દ્વારા સેવાનો લાભ લઈ શકે છે. જે જે શ્રી ગોકુલેશ. સંસ્થાવતી આપણા ગોરને હાર્દિક અભિનંદન


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**

**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**



**(મૂડેતી - અમદાવાદ)**



જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત, ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ, નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન, વેદોક્ત પુરાણોક્ત, શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬

**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**Email : bhattgopal59@gmail.com**

# કૃષ્ણ અને હું....... આપ સૌ

## (કૃષ્ણજ્ઞાન અને આપણું જીવન)

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

'સ્વ' એટલે કે આત્મા વિષે વિચારવાનો સમય કોઈની પાસે નથી. જે મૃત્યુનું સ્મરણ રાખીને જીવે તો કંઈક તે અર્થપૂર્ણ જીવન જીવી શકે, તે જ પોતાના જીવનને મળેલા માનવભવને સાર્થક કરી શકે. જ્યાં સુધી મનમાં મોહનીય કર્મનું વાતાવરણ છે ત્યાં સુધી વ્યક્તિ સંબંધ અને સંપત્તિને મુઠ્ઠીમાં પકડી રાખવા કોશિષ કરતો રહે છે પરંતુ જે દિવસે તેને ભૌતિક સંપદાની વ્યથતા સમજાય છે ત્યારે તેને ભીતરની આધ્યાત્મિક સંપદાનું આકર્ષણ જાણે છે.

આપણે આજ સુધી ખુબ કાર્યો અને કામો કર્યા પરંતુ આપણે પોતાને સંભાળવાનું અને સાચવવાનું કામ કર્યું નથી. સૌ બીજાને સાચવવામાં પોતાની જાતને સાચવવાનું ભૂલી ગયો છે. પોતાના સ્વ કે આત્મા વિષે વિચારવાનો સમય કોઈ પાસે નથી.

મનુષ્ય અવસ્થા 'પશુતૂલ્ય' વિચાર ગંભીરતાથી વિચારતા નથી. ભ્રમણાઓને છોડતો નથી. કીર્તિના મિનારા ચણતા હોય પણ 'નિમ્નકક્ષા'ની વૃત્તિઓ સાથે પસાર કરે, તો તેનો કોઈ અર્થ નથી. આવી ભાવનાઓ દૂર કરી, જાગૃત થઈ, સર્વોચ્ચ દિશા માટેની ઉત્કંઠા થવી જ જોઈએ. તે પામવા સંતોએ મહાપુરુષોએ જીવન જીવી પ્રત્યક્ષ બતાવ્યો છે. તેથી જાગૃત થઈ પુરુષાર્થ કરવો જ પડે છે. આપણા કુકુર્મના બંધનોની પકડમાંથી છૂટવું સહેલું નથી પણ અસંભવિત નથી.

મનુષ્યનો 'આદિ' પૂર્ણ અને પવિત્ર છે. મનુષ્ય જન્મ 'કર્મબંધન' ની નીચે ઉતરતો ઉતરતો જ્યારે ઉર્ધ્વગતિ પકડે ત્યારે જ ઉચ્ચ સ્થિતિમાં આવે તેવો પુરુષાર્થ થવો જ જોઈએ. કહેવાય છે 'મન હોય તો માળવે જવાય', 'મન હી કરતા અને મન હી ભોગતા', 'સુખ અને દુ:ખ મનનું



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)
(જ્યોતિર્વિદ-મુંબઈ)
Sankalp Astrologist & Palmist
તથા
જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.
મો. - ૯૫૯૪૩૨૬૨૦૨

કારણ છે.' આપણી જીજ્ઞાસા પ્રબળ બની નથી તેથી જ આપણે સાંસારિક જીવનમાં ક્ષુદ્ર આનંદથી જ સંતોષ માનીએ છીએ. ગુસ્સાનો આરંભ ભલે જુસ્સાથી થતો હોય, પરંતુ અંત તો પશ્ચાતાપથી જ આવતો હોય છે.

પરમાત્માએ માનવનું સર્જન કરેલ નથી. પરમાત્માએ સૌને સમાન રીતે સમાન ભાવ સાથે રમતા મૂક્યા છે, અને સમાન ભાવમાં સ્થિર થઈને એકતાપૂર્વક જીવવા આ સંસારમાં મૂક્યા છે.

માનવ જીવનમાં જીવનની નૌકાને કોઈપણ બીજી વ્યક્તિ પાર કરાવી શકે જ નહિ, દરેકે પોતા જ પોતાના આત્મિક સત્યમાં સ્થિર થઈને હલેસા મારીને જ પાર કરી શકાય છે. પોતાએ જ આત્મામાં પરમ શુધ્ધ થઈને મેળવવાનું હોય છે. આખરે જ્ઞાન એ જ મુક્તિ છે જ્યારે તમો આત્મિક સત્ય ધર્મનો પ્રસન્ન ચિત્તે અંગીકાર કરો છો. તમો તમારો વ્યવહાર અને આચરણ આત્મિક સત્યમાં સ્થિર થઈને કરો છો. એટલે તમાર હૃદયમાં જ આપોઆપ પરમતત્વ પરમાત્માનું હૃદયમાં સર્જાય છે

Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

પછી ક્યાંય ભટકવા જવાની જરૂર ક્યાં રહી? કારણ કે આજના સમયમાં પ્રત્યેક સંબંધ તણાવમાંથી પસાર થઈ રહ્યો છે. આજના ટેકનોલોજીના કારણે ભૌગોલિક અંતર ભલેને ઘટી રહ્યું હોય, આખું વિશ્વ એક સ્થળ બની ગયું હોય પરંતુ દિલનું અંતર વધતું જ જઈ રહ્યું છે.

જીવન મળ્યું છે તો સાથે સુખ દુઃખનો સ્વીકાર કરવો જ પડશે. કુદરતે દરેકેને સુખ અને દુઃખ વહેંચીને આપ્યું છે અને સાથે જીંદગી પણ આપી છે. સત્ય અને સૂર્ય શાશ્વત છે. સત્યમેવ જયતે કહેવાય છે પરંતુ સત્યનો સ્વીકાર કરીએ છીએ ત્યારે સમય ઘણો વહી ગયો હોય છે.

આખરે તો –

મારા દુઃખનું કારણ મારું મન છે જેથી

**કોઈ કર્મોને દેશો નહિ દોષ**
**કોઈ દેવોને દેશો નહિ દોષ**
**કોઈ જનને દેશો નહિ દોષ**
**કોઈ ગ્રહને દેશો નહિ દોષ**

ક્ષમાભાવ ગમે તેવા અપરાધીનું જીવન પરિવર્તન કરાવી શકે છે. પ્રેમ દ્વેષીને જીતે છે. સુખ અને દુઃખ કાયમ નથી રહેવાનું. જીવન 'સમતા' રાખી જીવી જવું એ જ જીવ્યા કહેવાય.

કૃષ્ણ અને હું...... મને કોઈ ગમતું પાત્ર હોય તો તે છે કૃષ્ણ. કેમકે તે ત્યાગશીલ છે, ક્ષમાશીલ છે, ભાવનાત્મક છે, તે રક્ષક છે, તે તક્ષકોનાં પણ ઉદ્ધારક છે, તે અંતરીક્ષ છે, તે સર્જક છે, તેના હૈયામાં પણ શોક છે, તે બહારથી હરહંમેશ હસતા રહે છે, અંદરથી તો તેઓ ખૂબ ભરેલા છે, કૃષ્ણ પ્રેમ થકી પ્રસર્યા છે, વિસ્તર્યા છે. કૃષ્ણ એટલે તત્ત્વનો મર્મ, એટલે કે તત્ત્વજ્ઞાનનું યુનિવર્સ. કૃષ્ણ સૂર્ય જે સઘળાના પોતને પ્રકાશે, જે રણછોડ ડરથી નહીં કોઈના રક્ષણ કાજે અને સર્વજન હિતાયનો સિધ્ધાંત. કૃષ્ણ એટલે પ્રેમનો મહાસાગર. ચમત્કાર થકી લોક આશ્ચર્ય વચ્ચે લોકોને જીવતા શીખવે છે.

બસ કેટલુંય લખાય તેમ છે છતાં 'જે જે શ્રી ગોકુલેશ' (જય શ્રીકૃષ્ણ)

PPP

# ઉત્સવોની અનુક્રમણિકા શા માટે ?

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

'ઈશ્વર' હંમેશા એકલો હોય છે. ઈશ્વરને પણ એકલવાયુ લાગ્યું હશે એટલે તો એણે પ્રકૃતિ અને માનવ પ્રકૃતિનું સર્જન કર્યું હશે. એ એકમાંથી અનેક થયો અને અનેકની પાછળ તે છૂપાઈ ગયો. એ છૂપાઈ ગયો એટલે એને પામવાની આપણી તરસ વધતી ગઈ. આપણી તરસની તીવ્રતા : એ ઈશ્વરની તલાશનું કારણ છે. આ ઈશ્વર આપણી એકલતામાં પણ છે અને આપણા એકાંતમાં પણ !

કવિવર ટાગોર લખે છે : ઈશ્વર કર્મ છે, કોઈ પદ કે પદવી નથી., એ તો ક્રિયાપદ છે. નામ નથી. કવિવર ટાગોરે ભગવદ્ ગીતાનાં નિચોડ સમી એક પંક્તિ લખી છે.

**'સંચાર કરી સકલ કર્મ, શાંત તોમાર છંદ.'**

આપણા કર્મોની પાછળ ઈશ્વરનો શાંત છંદ હોય તો આપણા અહમનો કોલાહલ શમી જાય અથવા એમ પણ કહી શકીએ કે આપણો કોલાહલ શમે ત્યારે જ ઈશ્વરનો શાંત છંદ પ્રગટે. અને આ સમજણ મળે શાસ્ત્રોમાંથી.

આપણી ભારતીય સંસ્કૃતિ : વેદો, ઉપનિષદો, પુરાણોથી ભરપૂર છે. એ સમયના ઋષિઓ ગણિત શાસ્ત્ર, ખગોળ વિજ્ઞાન ; ગ્રહો-નક્ષત્રોની ગણત્રી ; કાળ ; સમયની ગણત્રી ; જ્યોતિષ શાસ્ત્ર ; આર્યુવેદ ; ઋતુના નિયમો-આહાર-વસ્ત્ર-રંગ-પ્રતિકો વિગેરે સર્વ મહત્વના ક્ષેત્રોનાં જ્ઞાનમાં તેમજ માનવ જીવનને ઋતુ અનુસાર અર્થ પૂર્ણ તહેવારો, ઉત્સવો, હિન્દુ ધર્મના દેવી-દેવતાઓના પૂજનની ઋતુ-સમય-વિધિ-વિધાન તેમજ એમના આયુધ-શંખ વિગેરે વિષયોમાં ખૂબ જ સામર્થ્ય ધરાવતા હતા. મહત્વની વાત એ છે કે : ઋષિનુનીઓ એ આ સર્વે શાસ્ત્રો ને; 'ધર્મ' સાથે વણી લીધા છે. આ બધા જ વિષયો 'ધર્મ જ્ઞાન' ના શિર્ષક હેઠળ જ સમજાવાયેલા છે : પ્રત્યેક ગ્રંથ, શાસ્ત્ર, વિધિ વિધાન, બધું જ ધર્મ શબ્દ સાથે વણાયેલુ છે. તેમજ પ્રત્યેક દેવી-દેવની આરાધના કરવા માટે વિવિધ માસ બતાવ્યા છે. સામાન્ય રીતે વર્ષની ત્રણ ઋતુઓ શિયાળો, ઉનાળો, ચોમાસુ પરંતુ હકીકતમાં આ ત્રણ અયન છે. અયન એટલે ગતિમાર્ગ-પ્રયાણ. પહેલાના જમાનામાં દસ માપ દંડ હતા, જેવા કે પળ-ઘડી, નક્ષત્ર, વાર, તિથિ, પક્ષ, માસ, ઋુત, અયન અને સંવત્સર.

અમુક પળથી ઘડી કે કલાક, અમુલ કલાક થી નક્ષત્ર, અમુક નક્ષત્રોથી વાર તેમજ તિથિ માપવામાં આવે. પરંતુ પંદર તિથિ મળીને પખવાડિયું થાય. બે પખવાડિયાનો એક માસ, બે માસની એક ઋતુ. બે ઋતુ એટલે એક અયન. ત્રણ અયન થી છ ઋતુ - વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર.

કેલેન્ડરની શરૂઆત કાર્તિક સુદ એકમથી થાય છે પરંતુ ઋતુની શરૂઆત વસંત ઋતુથી થાય છે. અને મહાસુદ પંચમી-'વસંત પંચમી'ના હુલામણા નામથી પ્રત્યાત છે. આ ઋતુમાં પ્રકૃતિ સોળે કળાએ ખિલેલી હોય છે. આ ઋતુમાં ન તો શિયાળી ઠંડી કે ન તો ગ્રીષ્મની ગરમી. તેથી વસંત ઋતુ 'સમત્વ'નું પ્રતિક છે. દરેક પરિસ્થિતિમાં સમતા ભાવનો આધ્યાત્મિક ઉપદેશ છે. મંદિરોમાં પીળા રંગના વસ્ત્રો ધારણ કરાવાય છે કારણ કે પીળો રંગ 'જ્ઞાન'ના પ્રતિક રૂપ ગણાય છે. જ્ઞાનથી વધુ પવિત્ર કંઈ જ નથી. જ્ઞાન એ જ પ્રકાશ છે તે ઉપરાંત ચંદ્રમા ને પણ આ ઋતુમાં અપાર બળ મળ્યું છે. ચંદ્ર મનનો કારક દેવ છે. જેથી આ ઋતુમાં મન પ્રસન્ન રહે છે.

**વસંત પચંમી :** એ નિસર્ગ નો ઉત્સવ છે. સતત સુંદર લાગતી પ્રકૃતિ વસંત ઋતુમાં સોળે કળાએ ખીલી ઊઠે છે. યૌવન જો આપણા જીવનની વસંત હોય તો વસંત એ સૃષ્ટિનું યૌવન છે અને એ જ આ ઋતુનું મહત્વ છે.

આ જ ઈશ્વર તત્વને આપણા ઋષિમુનીઓ એ આપણને સરળ શબ્દોમાં સમજાવ્યું છે. ભારતીય સંસ્કૃતિ ફક્ત ઋષિપ્રધાન જ નથી : કૃષિપ્રધાન પણ છે. આ એક જ ક્ષેત્ર એવું છે જેમાં ઈશ્વર અને માનવી સાથે કામ કરે છે. ખેડૂત બીજ વાવે છે જ્યારે ઈશ્વર એ બીજને પોષે છે

અને ઋષિપ્રધાન છે તેથી જ આમ માનવીને ઉત્સવો અને તહેવારો ના માધ્યમ દ્વારા ધર્મને પંથે દોરી ઈશ્વર તરફ વાળે છે.

આપણા ઋષિઓ એ તહેવારોને તથા ઉત્સવોને પણ ઘણું મહત્વ આપ્યું છે. આપણા પ્રત્યેક તહેવારો પાછળ મહત્વના કારણો છે અને સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે.

વસંત પંચમી : આ ઋતુ જીવ અને ઈશ્વરના મિલનની ઋતુ ગણાય છે. ત્યારબાદ શિવરાત્રી, હોળી, ગુડી પડવો, રામનવમી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, શ્રાદ્ધ, નવરાત્રી, દિપોત્સવી વિગેરે મહત્વના તહેવારો આવે છે. હોળી ઉત્સવની જાણકારી પ્રચલિત છે તેથી વધુ ઉલ્લેખ આવશ્યક નથી લાગતો. ત્યારબાદ 'ગુડી પડવો'નું ઘણું મહત્વ છે. શાલિવાહન શકનો પ્રારંભ આ દિવસથી થાય છે. ત્યારબાદ રામ નવમી. ભારતમાં અનંત અવતારો થયા છે. એમાં શ્રી રામ અને શ્રી કૃષ્ણ તો ભારતીય સંસ્કૃતિનાં આધારસ્તંભો અને ભારતીય જનતાના નિષ્ઠાકેન્દ્રો છે. રામ-કૃષ્ણના રંગે ભારત જેટલું રંગાયુ છે એટલું બીજા કોઈના રંગે નથી રંગાયુ. વસંતુ ઋતુ અને ગણેશ ચતુર્થીની મધ્યમાં શ્રી રામ તથા શ્રી કૃષ્ણ – ધર્મ-અધર્મની વ્યાખ્યા સામાજીક વ્યવસ્થામાં ગુંથી સમાજને સહી માર્ગ પર લાવવા માટે - સાક્ષાત સજીવ સૃષ્ટિનાં માતા-પિતા સમાન ઈશ્વરીય અવતાર. અને માતા-પિતાનું સ્થાન સર્વ શ્રેષ્ઠ છે એ સમજણ સામાન્ય માનવીને આપવા આવે છે 'શ્રી ગણેશ ચતુર્થી'.

શા માટે ગણેશ ચતુર્થી પછી 'શ્રાદ્ધ' અને તરત 'નવરાત્રિ-દિવાળી'? પરંતુ મહત્વની સમજણ 'ગુરુ પૂર્ણિમા'થી આવે છે. કારણ કે ગુરુ મનુષ્યના ભણતરની સાથે જીવનનું પણ ઘડતર-ચરિત્રનું ઘડતર કરે છે. આપણી વૈદિક સંસ્કૃતિની ગરિમા જાળવી રાખવામાં ગુર, ઋષિ-મુનીઓ નો મહત્વનો ફાળો છે. તેથી ગુરુપૂર્ણિમાં પછી સ્થાન છે : શ્રી ગણેશ સ્થાપના અને શ્રી ગણેશ વિસર્જન.

શ્રી ગણેશ સૌ દેવોમાં પહેલા પૂજાયા કારણ કે એમણે માતા-પિતાને ઉચ્ચતમ સ્થાને બેસાડયા. તો આ દિવસો દરમ્યાન શ્રી ગણેશ પ્રભુની આરાધનાં કરતાં માતા-પિતાને આપણે પણ ઉંચા સ્થાને બેસાડવાના છે.

ગણેશ વિસર્જન - આ તહેવારનું મહત્વ એ સમજાવે છે કે જે અવતાર પામે છે તે નાશવંત જ છે; પછી ભલે તે ઈશ્વર પણ કેમ ન હોય. જેમ આ દસ દિવસોમાં આપણી રોજીંદી દિનચર્યામાંથી સમય ફાળવી શ્રી ગણેશ પ્રભુની સ્તુતિ કરીએ છીએ, આહાર તેમ જ અમુક પ્રવૃત્તિ વિગેરે પર સંયમ રાખીએ છીએ; એ ફક્ત આ દસ જ દિવસ માટે સિમીત ન રહેતાં આ શરીર નાશવંત છે, આ સંબંધો, આ પરિગ્રહ બધું જ નાશવંત છે એ આ મહત્વના શિક્ષણની વાતનું હંમેશા સ્મરણ રાખવાનું છે. આ થઈ વિસર્જનની વાત.

ત્યારબાદ આવે શ્રાદ્ધ. શ્રાદ્ધના દિવસોમાં માતા-પિતાને ભાવ સભર યાદ કરી સસ્નેહ-સવંદન થી તેમનું તર્પણ કરવાનું છે.

ત્યારબાદ નવરાત્રી – દેવી મા ની સ્તુતિ - માની શરણમાં માથુ ટેકવી શરણાગતિ સ્વીકારી સ્વ નો વિજય પામવાનો છે. સ્વભાવની દુષ્ટતાનો નાશ કરવાનો છે.

આમ તો દિવાળી વર્ષનો અંતિમ દિવસ. આપણે સૌ આ ઉત્સવની મહત્તા જાણીએ છીએ. લખી શકાય કે – દીપોત્સવી એક ઉત્સવ નથી પણ ઉત્સવોનું સ્નેહ-સંમેલન છે. ધનતેરસ, કાળી ચૌદશ, બેસતું વર્ષ અને ભાઈ-બીજ. આ પાંચ ઉત્સવો પાંચ વિભિન્ન સાંસ્કૃતિક વિચારધારાઓ લઈને આ ઉત્સવમાં સમ્મિલિત થયા છે.

ત્યારબાદ બેસતું વર્ષ : કારતક સુદ એકમના દિવસે વિક્રમનું નવું વર્ષ શરૂ થાય છે. તેથી એ દિવસ આખા વર્ષનું પ્રભાત ગણાય. 'જેની સવાર સારી તેનો આખો દિવસ સારો' તેવી જ રીતે 'જેનો વર્ષનો પ્રથમ દિવસ સારો તેનું આખું વર્ષ માંગલિક' માનસ શાસ્ત્રની દ્રષ્ટિએ પણ :-

**First Impression is the Last Impression.**

PPP

# હાર્ટ એટેક

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

સિદ્ધાર્થ શુકલાના નિધન બાદ ઉઠયો સવાલ, આખરે નાની ઉંમરમાં હાર્ટ એટેકથી કેવી રીતે બચી શકાય ?

આઈફોનની નકલ કરવી, ડાયટની નહી.

અમેરિકન કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ડીન ઓર્નિશનું માનવું છે કે પશ્ચિમના 'ટેક અવે કલ્ચર' અને 'પુશ-બટન' જીવન શૈલીને કારણે જ ભારતમાં લાઈફ સ્ટાઈલ બદલાઈ અને બીમારીઓ ખૂબ જ વધી ગઈ. ડૉ. ઓર્નિશ કહે છે કે, ભારતીઓએ અમેરિકાના લોકોની જેમ જીવવાનું છોડી દેવું જોઈએ. તમારે શાકભાજી, સાબુદાણા, અનાજ અને સોયા પ્રોડક્ટનું સેવન કરવું જોઈએ. મારી આ જ સલાહ છે કે, અમારી સફળતાઓને તમે ગ્રહણ કરો પરંતુ અમારી ભૂલોને અપનાવો નહીં. અમારા આઈફોનની નકલ કરો ડાયટની નહીં.



હૃદય એક પંપ છે અને આપણા જીવન કાળ દરમ્યાન ૨૦ કરોડ લીટર લોહીનું શરીરમાં પંપીંગ કરીને તેને શુધ્ધ કરવાનું કામ દિવસ-રાત કોઈપણ વિરામ કર્યા વગર કરે છે. તેને પોતાને કાર્યરત રહેવા માટે ઓક્સિજન અને ગ્લુકોઝની જરૂર પડે છે. જે હૃદયની સપાટી ઉપર આવેલી રક્તવાહિનીઓ (ધમની) દ્વારા મેળવે છે. ઉંમર વધવાની સાથે દરેક વ્યક્તિની આ ધમનીઓમાં કોલેસ્ટોરોલ (ચરબી) ની જમાવટ થતી જાય છે અને નળીઓ સાંકળી થતી જાય છે. આ કારણે વ્યક્તિને શ્રમ કરતી વખતે હૃદયનો દુઃખાવો અનુભવાય છે. આ દુઃખાવો ક્ષણીક હોય છે અને ૨ થી ૫ મીનીટ આરામ કરવાથી કે નાઈટ્રોગ્લીસરીનની ગોળી ચૂસવાથી દુઃખાવો બંધ થઈ જાય છે. આ દુઃખાવો છાતીની ડાબી બાજુ કે ડાબા હાથમાં જ થાય તેવી સામાન્ય માન્યતા પણ સાચી નથી. આ દુઃખાવો જમણા હાથમાં, ખભામાં, ગળામાં, નીચેના જડબામાં, પેટમાં, વાસામાં કે છાતીના મધ્યમાં પણ થઈ શકે છે. ૨૦ ટકા લોકોને તો કોઈપણ જાતના દુઃખાવાનો અનુભવ થતો જ નથી. જ્યારે આ સાંકળી નળી ઓચીંતી બંધ થઈ જાય છે ત્યારે હૃદયના અમુક ભાગમાં લોહીનો પૂરવઠો તદ્દન બંધ થઈ જાય છે અને તે હૃદય રોગના હુમલામાં (હાર્ટ એટેક) માં પરિણમે છે. તમને ખબર છે કે ૬૦ ટકા પુરુષોને અને ૫૦ ટકા સ્ત્રીઓને હૃદયની બિમારીની ચેતવણી જ મળતી નથી અને સૌથી પહેલા લક્ષણરૂપે સીધો હાર્ટ-એટેક જ આવે છે અને અત્યંત ગંભીર બાબત તો એ છે કે હાર્ટ-એટેક દરમ્યાન ૨૫ ટકા લોકો તો ઘરેથી ડૉક્ટર પાસે પહોંચતા પહેલા જ મૃત્યું પામે છે, વિશ્વની કોઈપણ બિમારીમાં આટલો ઉંચો અને આટલો ઝડપી મૃત્યુ દર બીજો કોઈ રોગનો નથી. કરૂણતા તો એ છે કે વિશ્વના કોઈપણ દેશ કરતાં ભારતમાં હૃદયરોગની બિમારીનું પ્રમાણ ૫ થી ૧૦ ગણું વધારે છે. માટે જ ભારતને હૃદય રોગોની રાજધાની કહેવાય છે.

## હાર્ટ એટેકથી બચવાના ઉપાય

હૃદયમાં અસ્વસ્થતાનો અનુભવ થવો એ હૃદયનો હુમલો થવાની સૌથી સામાન્ય ચેતવણીનો સંકેત છે. છાતીમાં કે હૃદયમાં અસ્વસ્થતાનો અને ભારેપણાનો અનુભવ થવો. આ સામાન્ય સંકેતમાં ક્યારેક તમને

બળતરા પણ અનુભવી શકો છો. આ રીતના લક્ષણોને હળવા ન લેવા જોઈએ. જો તમને આ સંકેતોનો અનુભવ એકથી વધારે વાર થાય તો તમારે તરત જ ડૉક્ટરની પાસે જઈને તેમની સલાહ લેવી જોઈએ.

એક હેલ્ધી લાઈફ અને દિલની સમસ્યાઓને ઘટાડવા માટે બને તેટલું ખાન-પાન પર ધ્યાન રાખવુ. યોગ્ય ડાયટ જ તમને હંમેશા હેલ્ધી અને સ્વસ્થ દિલના માલિક બનાવીને રાખે છે.

દિલની બીમારીઓને દૂર કરવા માટે તમારે એક્સરસાઈઝ અને ડાયટ બન્નેનું બેલેન્સ રાખવું જરૂરી છે. જે ખરાબ આદતો અને કારણોથી તમારા દિલને ખતરો છે તેને પહેલાં દૂર કરો. દિલને સ્વસ્થ રાખવા માટે પહેલાં ખુદને ફિટ રાખો. સ્મોકિંગ અને ડ્રિન્કિંગને ત્યજીને દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ યોગા કે કસરત કરવી. કસરત કરવાથી વ્યક્તિ તણાવમુક્ત રહે છે. જે દિલ માટે બહુ જરૂરી છે.

રેડ વાઈન. જો તમે બિયર કે વ્હિસ્કી પીવો છો તો તેની જગ્યાએ રેડ વાઈન પીવાનું શરૂ કરી દો. તેમાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે જેને પોલિફેનોલ્સ કહેવાય છે. આ બ્લડ વેસલ્સની પરત (પડ)નું રક્ષણ કરે છે.

સફરજનમાં ફાઈટોકેમિકલ્સ હોય છે, જે એન્ટી ઈન્ફ્લેમેટરી હોવાને કારણે બ્લડથી બ્લડ ક્લોટ થવા નથી દેતું. તેમાં ફાઈબર અને વિટામિન વધારે હોય છે. સફરજન સ્નેક્સ ટાઈમમાં ખાવાની આદત નાખવી જોઈએ.

જો તમે બદામ ગરમ છે એવું માનીને ખાતા નથી તો તમે દિલની બીમારીઓ માટે તૈયાર થઈ રહ્યા છો. કારણ કે બદામમાં જે તેલ હોય છે તે દિલ માટે ફાયદાકારક હોય છે. બદામમાં વિટામિન ઈ, ફાઈબર અને વિટામિન હોવાને કારણે કોલોસ્ટ્રોલ નિયંત્રણમાં રહે છે. દિવસમાં ૪-૫ બદામ જરૂર ખાવી. રાતે પલાળીને પણ બદામ ખાઈ શકો છો.

સોયા ખાવામાં ટેસ્ટી નથી હોતા, પરંતુ દિલ માટે સારું હોય છે. સોયામાં પ્રોટીનની માત્રા વધુ હોય છે. જો તમે નોન વેજ નથી ખાતા તો તમારે માટે બેસ્ટ ઓપ્શન છે સોયા. સોયામાં રેડ મીટ જેટલી તાકાત હોય છે. આ બોડીમાં એક્સટ્રા સેચ્યુરેટેડ ફેટને ઘટાડે છે. સોયાને તમે ભાત કે શાકમાં મિક્ષ કરીને ખાઈ શકો છો. સોયા મિલ્કનો પણ ઉપયોગ કરી શકો છો. જે દિલ માટે બહુ લાભકારક હોય છે.

સ્ટ્રોબેરી, કેનબેરીજ, બ્લુબેરી, મલબેરી, હકલબેરી, ગૂઝબેરી અને અન્ય બેરીઝમાં વિટામિન સી, કેલ્શિયમ અને બીટા કેરોટીન ભરપૂર માત્રામાં હોય છે. તમે બેરી ખાવાથી કંટાળશો નહીં. જેથી દિલ ખોલીને ખાવી જોઈએ. સવારે નાસ્તામાં ઓટ્સ અને દહીં પણ ખાવું જોઈએ. ઓટ્સ પણ દિલને હેલ્ધી રાખવા માટે બેસ્ટ માનવામાં આવે છે. ઓટ્સમાં ભરપૂર ફાઈબર હોય છે. સાથે ઓમેગા-૩, ફેટી એસિડ, ફોલેટ અને પોટેશિયમ હોય છે. જે કોલેસ્ટ્રોલના લેવલને ઘટાડે છે અને બ્લડ વેસલ્સને સાફ રાખે છે. દિલને હેલ્ધી રાખવા માટે આ બધું ખાવાનું શરૂ કરી દો.

સોલ્મન ફિશ ખાઈને દિલ ખુશ થઈ જાય છે. ફિશમાં ઓમેગા-૩ ફેટી એસિડ હોય છે. જે શરીરમાં બ્લડ ક્લોટિંગ થવા નથી દેતું. જો તમને ફિશ પસંદ છે તો અઠવાડિયામાં બે વાર ફિશ જરૂર ખાવી. પરંતુ બહુ સ્પાઈસી ફિશ ન ખાવી.

ટામેટામાં ફાઈટોકેમિકલ્સ હોય છે. જેનાથી કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં રહે છે અને કેન્સર કે દિલથી જોડાયેલી બીમારીઓ માટે ખતરો રહેતો નથી. શોધ મુજબ જે લોકો દરરોજ ટામેટું ખાય છે તેમને દિલની

બીમારીઓ અને કેન્સરની બીમારીનો ખતરો ઘટી જાય છે. જો તમે ટમેટા નથી ખાતા તો હવે ખાવાનું શરૂ કરી દો. ટામેટાનું સલાડ અથવા શાકમાં નાખીને ખાવું. ટામેટા મેમરી અને એન્ટી એજિંગ માટે પણ ફાયદાકારક હોય છે.

લીલા શાકભાજી અને ઓલિવ ઓઈલ બન્ને તમારા સ્વાસ્થ્ય માટે વરદાન સમા છે. ડાયટમાં લીલા શાકભાજી લેવાથી દિલ સ્વસ્થ રહે છે અને બીમારીઓ પાસે નથી આવતી.

દિવસની શરૂઆત આખા અનાજ કે દળિયાથી કરવી. જેથી તમારું દિલ આખો દિવસ હેલ્ધી રહેશે. રોજ આખા અનાજના દળિયા ખાવાથી હાર્ટ ફેઈલ થવાની સંભાવના ઘટી જાય છે કારણ કે તે દિલને કોરોનેરી બીમારીઓથી બચાવે છે.

બ્રાઉન બ્રેડ વ્હાઈટ રાઈસ કરતાં વધુ સારા છે, અથવા તો તમે બ્રાઉન રાઈસ ખાઓ. બ્રાઉન રાઈસ હાઈ બ્લડપ્રેશન અને એથરોસ્કલેરોસિસને કંટ્રોલ કરે છે. આ ફાઈબરનો સારો સ્ત્રોત અને કોલોસ્ટ્રોલના લેવલને ઘટાડવામાં મદદ કરે છે.

ખાસ આ રીતે જાણો. તમને દિલની બીમારી છે કે નહીં? હાર્ટ-સ્પેશયાલિસ્ટ જવાણી રહ્યા છે કે, એવું શું છે જેના દ્વારા તમારા હૃદયને પરેશાનીઓ થાય. તમારા હૃદયને ખતરો છે કે નહીં જાણો એક મિનિટમાં નીચે જણાવેલ સમસ્યાઓમાંથી કોઈપણ બે તમને લાગુ પડતા હોય તો તમારે ડૉક્ટરની સલાહ લેવાની જરૂર છે.

ફેમિલી હિસ્ટ્રી, મારા પપ્પા અથવા ભાઈને ૫૫ વર્ષની ઉંમર પહેલાં અથવા બહેનને ૬૫ વર્ષ પહેલાં હાર્ટ એટેક આવ્યો હતો અથવા આમાંથી કોઈને પણ દાદા-દાદી કે નાના-નાનીને સ્ટ્રોક આવ્યો હતો.

બ્લડ પ્રેશર, મારું બ્લડ પ્રેશર ૧૪૦/૯૦ એમ એમએચ જી અથવા તેનાથી વધારે છે અથવા ખબર નથી.

ટોટલ કોલેસ્ટ્રોલ મારા શરીરમાં તેની માત્રા ૨૪૦ એમજી/ડીએલ અથવા તેનાથી વધારે છે અથવા ખબર નથી.

એચડીએલ કોલેસ્ટ્રોલ મારા શરીરમાં સારું કોલેસ્ટ્રોલ ૪૦ એમજી/ડીએલથી ઓછું છે.

ફિઝિકલ એક્ટિવિટી, રોજની એક્ટિવીટી ૩૦ મિનિટ પણ નથી.

ઓવરવેટ, મારા શરીર અને હાઈટના હિસાબથી જે સંતુલિત વજન હોવું જોઈએ તેનાથી ૯ કિલો વધારે છે.

ડાયાબિટીઝ, મારું બ્લડ શુગર લેવર ૧૨૬ એમજી/ડીએ અથવા તેનાથી વધારે છે અથવા તેને કંટ્રોલ કરવા માટે દવાઓ લઈ રહ્યો છું.

હાર્ટડિઝીઝ મેડિકલ હિસ્ટ્રી મને જણાવવામાં આવ્યું છે કે મારી રક્ત વાહિનીઓમાં બ્લોકેજ છે અથવા ટીઆઈએ (હળવો એટેક) આવ્યો હતો. મને પગની વાહિનીઓની બીમારી અથવ લાલ રક્ત કણિકાઓની પરેશાની અથવા સિકલ સેલએનીમિયા છે.

મહિલાઓએ રોજ ૩૧૦ મિ.ગ્રા. મેગ્નેશિયમ લેવું જોઈએ. અનાજ, ડ્રાયફ્રૂટસ અને પાંદડાવાળા શાકભાજી મેગ્નેશિનય સુપરસ્ટાર છે. જે આપણા ધબકારને લયમાં રાખે છે.

એસ્ટ્રોજન અથવા ટેસ્ટોસ્ટેરોન જેન કે હાર્મોન ગડબડીથી જોખમ વધી જાય છે. અનિયમિત માસિક આવવું. અચાનક વજન વધવા લાગવું અથવા શરીર વધારે પ્રમાણમાં વાળ જોવા મળે તો ડૉક્ટરથી મળવું.

તમે એવી જગ્યાએ કામ કરો છો અથવા રહો છો જ્યાં સતત અવાજ થઈ રહ્યો છે તો બ્લડ પ્રેશર વધવાનું જોખમ વધી શકે છે. હવાના પ્રદૂષણથી દૂર રહેવું. એવું જાણવા મળ્યું છે કે આને લીધે દર વર્ષે ૮ હજાર હાર્ડ ફેલ્યોર રોકી શકાય છે. PPP

# પેરાલિમ્પિક એટલે અસક્ષમ (વિકલાંગ) લોકો માટે યોજાતો રમત ગમતનો ઉત્સવ...

- તંત્રી મંડળ તરફથી

અસક્ષમ (વિકલાંગ) લોકોને રમતમાં રજૂ કરવાના પ્રથમ પ્રયાસો ૧૯મી સદીમાં કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૮૮૮ માં બર્લિનમાં બહેરાઓ માટે પ્રથમ સ્પોટર્સ કલબની રચના કરવામાં આવી હતી. મસ્ક્યુલોસ્કેલેટસ સિસ્ટમની ઈજાઓ સાથે વિકલાંગ લોકોએ બીજા વિશ્વ યુધ્ધ પછી જ રમતમાં સક્રિપણે ભાગ લેવાનું શરૂ કર્યું.

અનુગામી વર્ષોમાં વિકલાંગો માટે સ્પર્ધાઓ યોજવાના વિચારને આંતરરાષ્ટ્રીય સમુદાયે ટેકો આપ્યો હતો. આ ગેમ્સ વાર્ષિક આંતરરાષ્ટ્રીય સ્પોટર્સ ઈવેન્ટ બની. સાલ ૧૯૫૨ થી નેધરલેન્ડ, જર્મની, સ્વીડન, નોર્વેના વિકલાંગ ખેલાડિઓ નિયમિતપણે તેમાં ભાગ લેતા હતા. રશિયન રમતવીરોએ સૌ પ્રથમ ૧૯૯૨માં આલ્બર્ટવિલે (ફ્રાન્સ) માં વી ગેમ્સમાં યુ.એસ.એસ.આર. રાષ્ટ્રીય ટીમના ભાગ રૂપે પેરાલિમ્પિકમાં ભાગ લીધો હતો.

પ્રથમ શિયાળુ પેરાલિમ્પિક રમતો ૧૯૭૬માં ઓર્ન્સકોલ્ડ્સવિક (સ્વીડન) માં યોજાઈ હતી. વિશ્વમાં પેરાલિમ્પિકસને ઓલિમ્પિક્સ જેટલી જ મહાન ઘટના માનવામાં આવે છે. મુખ્ય ઓલિમ્પિક રમતો પછી તરત તે જ શહેરમાં પેરાલિમ્પિક રમતો શરૂ થાય છે. ૨૦૦૧ માં આ પ્રથા IOC અને આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક (IPC) સમિતિ વચ્ચેના કરારમાં સમાવિષ્ટ હતી.

પેરાલિમ્પિક ગેમ્સની સ્પર્ધામાં પુરુષો અને સ્ત્રીઓ ભાગ લે છે. જુદા જુદા પ્રકારોની અપંગતા કરોડરજ્જુની ઈજા, મગજનો લકવો, અંગવિચ્છેદન, અંધત્વ અથવા દ્રષ્ટિનું આંશિક નુકશાન. આ બધા સહભાગીઓને તેમની કાર્યક્ષમતાની યોગ્યાત અનુસાર વર્ગીકૃત કરવામાં આવે છે.

પેરાલિમ્પિક સહભાગીઓ માટે કોઈ વય મર્યાદા નથી. ઉદાહરણ તરીકે અમેરિકન સાઈકલસવાર બાર્બરા બુચને જ્યાકે તે બાવન વર્ષની હતી ત્યારે બેંઈજિંગ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પેરાલિમ્પિક રમતોમાં પૈરા શૂટર અવનિ લેખરાએ ઈતિહાસ રચી દીધો છે. ૩૦ ઓગસ્ટના અવનિએ મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્ટેંડિંગ SH1 ઈવેંટમાં નવો પેરાલિમ્પિક રેકોર્ડ બનાવતા ગોલ્ડ પર નિશાન સાધ્યું હતું.

તેમણે ફાઈનલમાં આવવા માટે ૭ માં સ્થાનની સાથે ક્વોલિફાઈ કર્યું હતું. કુલ ૬૨૧.૭ અંક હાસિલ કર્યા હતા. અવનિએ ફાઈનલમાં પોતાની રમતમાં ઘણો સુધાર કર્યો. તેમણે ફાઈલનમાં સારૂ પ્રદર્શન કર્યું. અવનિને કુલ ૨૪૯.૬ ના સ્કોર બનાવ્યા જે પેરાલિમ્પિક રમતોમાં નવા રેકોર્ડ છે. અવનિની આ જીત પર દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા છે.

ભારતના યોગેશ કથુરિયાએ ટોક્યો પેરાલિમ્પિકસમાં મેન્સ ડિસ્ક થ્રો (F56) માં સિલ્વર મેડલ જીત્યો છે. સોમવારે તેણે ૪૪.૩૮ મીટરનો પોતાનો શ્રેષ્ઠ થ્રો ફેંક્યો હતો. કથુરિયાની માતા મીનાદેવીએ કહ્યું કે સિલ્વર મેડલ મારા માટે ગોલ્ડ મેડલ સમાન જ છે. દેશ માટે સિલ્વર મેડલ લાવવો એ પણ મોટી વાત છે. સાથે તેમણે કહ્યું કે તેઓ ત્રણ વર્ષ સુધી વ્હીલચેરમાં હતા, પછી પણ ક્યારેય સખત મહેનત કરવા પાછળ પડયો નથી.

વિજયના આ પ્રસંગે યોગેશ કથુરિયાએ કહ્યું કે મેં સિલ્વર મડેલ જીત્યો છે. મને ઘણું સારું લાગે છે. હું મારી માતા અને PIC (પેરાલિમ્પિક કમિટી ઓફ ઈન્ડિયા) નો આભાર માનવા માંગુ છું.

તેથી સાથે ટોક્યો પેરાલિમ્પિકમાં દેવેન્દ્ર ઝાઝરીયાએ સિલ્વર મેડલ જીત્યો. જ્યારે ભાલા ફેંક વર્ગ F42 માં સુંદર સિંહે કાંસ્ય પદક જીત્યો. ટોક્યો ઓલંપિકમાં નિરજ ચોપરાના ઐતિહાસિક પ્રદર્શનની બાદ ભાલા ફેંક (Javelin Throwers) સુર્ખિઓમાં છે. ઝાઝરીયાએ કહ્યું નીરજે ગોલ્ડ મેડલ જીત્યા બાદ બરછી ફેંક પ્રસિદ્ધિમાં આવી છે. હું ખાતરી સાથે કહી શકું છું કે ટોક્યો પેરાલિમ્પિકસ પછી બરછી ફેંકવું ક્રિકેટ પછી આ દેશમાં બીજી સૌથી લોકપ્રિય રમત હશે.

આ સાથે જ ટોક્યો પેરાલિમ્પિક ભારત માટે અત્યાર સુધીનો બેસ્ટ રહ્યો છે. ભારતના ખાતામાં કુલ ૧૯ મેડલ આવ્યા. જેમાં ૫ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ સામેલ છે. આ પેરાલિમ્પિક ભારત ૨૪માં સ્થાન પર રહ્યું જે અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે.

PPP


ખુશખબર .·˙ **જ્યોતિપુંજના ગયા અંક ઓગસ્ટ ૨૦૨૧માં આપેલ જાહેરખબર દ્વારા આપ સહુનો ખૂબ જ સુંદર સહકાર મળ્યો છે તે બદલ આપ સહુનો ખૂબ ખૂબ આભાર.** ખુશખબર ˙·.

બીજું હવે દિવાળી સુધી એક પછી એક આવનારા તહેવારોને લીધે આ મહિનાથી ઘણાં બધા પ્રકારના નાસ્તાઓની સાથે સાથે મીઠાઈઓનો પણ રસથાળ લઈને આવી રહ્યો છું. આ રસથાળ વાનગીઓનું લિસ્ટ ખૂબ જ મોટું હોવાથી આ અંકની જાહેરખબરમાં વાનગીઓની સાથે હું ભાવ-પત્રક નથી આપી શકતો તેના માટે મને દરગુજર કરશો એવી પ્રાર્થના.

**દરેક વાનગીઓના ભાવ માટે તમારે નીચે જણાવેલ ફોન ઉપર સંપર્ક કરવાનો રહેશે.**

આ સુવિધા અમે સંપૂર્ણ મુંબઈમાં આપીએ છીએ.

ભાવ અને ઓર્ડર માટે હમણાં જ કોલ કરો. દિવાળી માટેના ઓર્ડર પણ અમે હમણાં સ્વીકારીએ છીએ તેની ખાસ નોંધ લેશો.

**નાસ્તાઓની અને મીઠાઈઓની સૂચિ નીચે જણાવેલ પ્રમાણે છે.**

**બાલાસિનોરના સુપ્રસિદ્ધ, મનપસંદ તેમજ સ્વાદિષ્ટ ચોળાફળી, મઠીયા, ખીચિયા પાપડ અને પાતળા મઠિયા, કેળાની વેફર, ગળ્યા સક્કરપારા, તીખા સક્કરપારા, પાપડી, ગાંઠિયા, તીખી સેવ, તીખા ગાંઠિયા, ભાવનગરી ગાંઠિયા, ફરસી પુરી, મસાલા પુરી, જીરા પુરી, સુવારી, મેથી પુરી, ચકરી, જીરા ખાખરા, ખિચડી ખાખરા, મેથી ખાખરા, ગુજરાતી કચોરી, તળેલો ચેવડો, શેકેલો ચેવડો, મકાઈ ચેવડો, રવા ઘૂઘરા, માવા ઘૂઘરા, ડ્રાયફ્રુટ માવા ઘૂઘરા, મોહનથાળ, મૈસુર પાક, કાજુકતરી (શુદ્ધ કાજુની), નાન ખટાઈ (શુદ્ધ ઘી વાળી)**

ઉપર જણાવેલ બધી વાનગીઓ આપ સર્વેને ઘરે ઘરે પહોંચતા કરીશું.

તો આપ પણ આ સુવિધાનો લાભ લો, અને તમારી સેવા કરવાનો મને મોકો આપો.

**કોન્ટેકટ પર્શન- મૌલિક પટેલ - મોબાઈલ નંબર - 9819131008**

**પૈસા ભરવાની સગવડ**

Gpay દ્વારા Mobile No. – 9819131008

# બાલાસિનોર વિદ્યામંડળ – પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતાઓ તરફથી મળ્યું છે.

૧. રૂા. ૧૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા અગિયાર લાખ પુરા) ના માતબર દાનનું વચન શ્રી વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મડંળ વિંગ માટે શ્રી વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ તરફથી મેનેજીંગ ટ્રસ્ટી મુરબ્બી શ્રી મણીકાન્તભાઈ સી. કડકિઆ હસ્તક શ્રીજી સાયન્સ કોલેજ અને શ્રી વાડાસિનોર સ્ત્રી કેળવણી મંડળ M.S.W. કોલેજના નવ નિર્મિક મકાનના પ્રથમ માળની ડાબી બાજુની વિંગ માટે મળ્યું છે.

૨. રૂા. ૨૫,૦૦૦/- (અંકે પચીસ હજાર પુરા) નું માતબર દાન નામ ન જાહેર કરવાની શરતે એક શુભેચ્છક દાતા તરફથી ગરીબ વિદ્યાર્થીઓની ફી રાહત માટે મળ્યું છે.

બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા અગાઉ છ વિંગ માટે દાનની ટહેલ નાખી હતી તેના અનુસંધાનમાં ચાર વિંગનું દાન મળ્યું છે, અને બે વિંગનું દાન મળવાનું બાકી છે.

**દાન માટે કો–ઓપરેશન સમિતિનો સંપર્ક કરવો.**

**શ્રી ઉર્વીશભાઈ મોદી (દેવ) – ૯૮૨૦૦૬૦૩૦૮ શ્રી વસંતભાઈ મોદી (વીમાવાળા) – ૯૮૬૯૧૦૨૭૭૯**

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાંની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**
A complete dental consultation with digital x-ray.
Complete prophylaxis (clean up) and gum care.
Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
Smile designing and esthetics.
Complete prophylaxis for children.
Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ મેડીકલ સેન્ટર

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત મેડીકલ સેન્ટરનાં રેડીયોલોજી અને પેથોલોજી માટેનાં ચેનલ પાર્ટનરો (૧) એન.એમ.મેડીકલ (૨) મેટ્રોપોલીસ અને (૩) ઈમેજીંગ પોઈન્ટ છે. તેની મેડીકલ સેન્ટર દ્વારા બાલાસિનોર-સમાજના મેમ્બરોને તેની સ્કીમો અને ડીસકાઉન્ટ મેળવી લાભ આપે છે. આ લાભ મેડીકલ સેન્ટર ઉપર સંપર્ક (ફોન – ૦૨૨-૨૩૬૭૦૧૬૯ અથવા ૯૮૬૭૯૯૧૮૪૩) કરી, માહિતી તેમજ સેન્ટર ઉપર પૈસા રૂબરુ અથવા ડીજીટલ સિસ્ટમ દ્વારા મોકલી અને પૈસા /બીજી વિગતોની ચિઠ્ઠી-બીલ મેળવી લેવી. લોહીનું સેમ્પલ ઘરે ટેક્નીસીયન દ્વારા આપી શકો છો.

કોરોના કાળના સમય પહેલા, મેડીકલ સેન્ટરના મેડીકલ એડવાઈઝરો, મેનેજમેન્ટના સભ્યો અને બાલાસિનોર સમાજના ડૉક્ટરોની મીટીંગ આવકારદાયક રહી હતી. આજના આ ડીજીટલ અને ઈલેક્ટ્રોનીક સમયે ડૉક્ટરો-પ્રોફેસનલો (મેડીકલ લગતા) પોતાની સેવા સમાજના સભ્યો મેળવી શકે, તેની ટોટલ માહિતી (નામ, એડ્રેસ, સ્પેશ્યાલીટી, અનુકુળ સમય, ઈ-મેઈલ અને વિગત) Whatsapp 9820088069 પર મોકલવા વિનંતી કરે છે, જેથી સાથે મળી બધા એકબીજાનો લાભ લઈ શકે અને આપી શકે અને આગળ વધારવા અનુકુળ સમયે આપણે સૌ મળી નક્કી કરી શકીએ. હેલ્થકેર સર્વિસીસ આપવા ઈચ્છીત વિગતો મેનેજમેન્ટ દ્વારા આગળ ધપાવવાનો ઉદ્દેશ શરૂ કરી શકીએ.

**- શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**

---

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## અનુકરણીય દાન

**સખાવતિ દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી**

| ક્રમ | નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રીમતી પૂર્ણીમાબેન નરેન્દ્ર મણીલાલ કચેરીયા (ઠાસરાવાળા) | ૧,૦૦,૦૫૧/- |
| ૨. | શ્રીમતી ઉર્મિલાબેન નરેશ શેઠની પૌત્રી અવનીના લગ્ન પ્રસંગે (મીતા અનિષ શેઠ) | ૫૦,૦૦૦/- |
| ૩. | એક સદગૃહસ્થ | ૧૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી - જસ્મિન શેઠ, ધર્મેશ શાહ - માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં**
**માહે જુલાઈ ૨૦૨૧ ના માસ દરમ્યાન નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, ઓર્થોપેડીક, સોનોગ્રાફી, મોબાઈલવાન, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૪૪૫ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૫૨૬ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૬૪૩ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૧, માઈનોર ૧૩, ગાયનેકના મેજર ઓપરેશન ૨૫, માઈનોર ૦૫ તથા ઓર્થોપેડીકમાં મેજર ૦૪ તેમજ આંખના મેજર ૧૬૧ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૪૮૬૭૪૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૫૭૨૦/- ની માફી તેમજ ઓપીડીમાં રૂા. ૩૯૯૫૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. છારી કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૬-૭-૨૦૨૧ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ. તેમાં કુલ ૩૯ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. ઈકો કેમ્પ :** તા. ૧-૭-૨૦૨૧ના રોજ ૪૩ તથા તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ ૬૪ દર્દીઓના રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર**માં માહે જૂલાઈ ૨૦૨૧ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૪૯૨ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૨૯૭ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૭૧૬ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૫૯૩૩/-ની દવા માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૪૯૦૦/- ની માફી કરવામાં આવેલ છે. તેમજ ઈસીજી રૂા. ૧૦૦/- તેમજ ઈકો રૂા. ૨૫૦/- ની માફી કરવામાં આવેલ. તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ડાયાલીસીસના ૧૦૧ દર્દીઓએ લાભ લીધેલ છે. જેના રૂા. ૨૫૨૫૦૦/- ફ્રી કરવામાં આવેલ. જે હાલમાં યોજના બંધ હોવાથી તમામ ડાયાલીસીસ ટ્રસ્ટ દ્વારા ફ્રી કરવામાં આવે છે.

કે.એ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજ માટે જાહેર કરેલ યોજનાઓનો પ્રતિસાદ આવકાર્ય છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં **રૂા. ૫૦૦૦/-** ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ**
**માનદ્ મંત્રીશ્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **ડૉ. કાર્તિક જે. કડકીઆ**
  **દીપ્તિ કે. કડકીઆ**
  ૯૪, સ્કાયસિટી ફ્લોરિસ, કલબ ૦૭ રોડ,
  શેલા, અમદાવાદ - ૩૮૦૦૫૮
  **ડૉ. કાર્તિક - ૯૪૨૬૩૨૨૧૨૨**
  **દીપ્તિ - ૯૪૨૮૧૧૦૧૮૧**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ઈંદિરાબેન સુરેશભાઈ ધારીઆ (બલબલ) | ૭૮ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

40

JYOTI PUNJ - September - 2021

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.